પંચમહાલ, દાહોદ, મહિસાગર, વડોદરા થી પ્રગટ થતું દૈનિક

www.panchmahalsamachar.com

# પંચમહાલ સમાચાર

E-mail : panchmahalsamachar@gmail.com

Panchmahal Samachar Daily News

પંચમહાલ સમાચાર ઈ-પેપર જોવા વોટ્સએપ પર નામ લખી મેસેજ કરો. મો.૯૦૫૪૪ ૨૫૧૦૦

RNI NO:- 67073/97

વર્ષઃ૨૪, અંકઃ૨૫૨, કુલ પાનાઃ૪, તારીખઃ ૧૮-૦૬-૨૦૨૧ શુક્રવાર, કિંમત રૂ.૧.૫૦/-,VOLUME/YEAR : 24, ISSUE : 252 PRICE :-RS. 1.50 DATE : 18-06-2021

EDITOR, PRINTER PUBLISHER & OWNER : KARAN AJAYKUMAR PANCHAL, PUBLISHED FROM : BANDIBAR NO KHANCHO, TALAV ROAD, GODHRA, DIST. PANCHMAHAL(GUJARAT)

PRINTED AT: PANCHMAHAL PRESS, MODINI VADI NO-1, STATION ROAD,GODHRA.(PMS) MOBILE : 9429052627 (02672-243351)

Whatsapp No.9712880678


# દક્ષિણ ગુજરાતમાં મેઘાની રમઝટઃ વૃક્ષો ધરાશાયી, નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકાર



સુરત,

દક્ષિણ ગુજરાતમાં નૈઋત્યનું ચોમાસું સક્રિય થયાં બાદ ધીમે-ધીમે આગળ વધી રહ્યું છે. ગઈકાલે મોડી સાંજે અમદાવાદ સહિત રાજ્યના અનેક સ્થળોએ મેઘરાજા મનમૂકીને વરસ્યો હતો. પરંતુ આજે સુરત અને નવસારી બાદ વડોદરામાં પણ મેઘો ધડબડાટી બોલાવી રહ્યો છે.

વલસાડ જિલ્લામાં વરસાદે બે દિવસના વિરામ બાદ આજે વરસ્યો. અહીં વહેલી સવારથી વાતાવરણમાં પલટો જોવા મળ્યો હતો. ત્યારબાદ ધીમી ધારે વરસાદ શરૂ થતા અનેક વિસ્તારોમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

વડોદરામાં ભારે પવન સાથે ધોધમાર વરસાદ પડતા વિઝિબિલિટીમાં ઘટાડો થતા રાહદારીઓ અટવાઈ ગયા હતા. સીઝનના પહેલાં જ વરસાદમાં અનેક સ્થળોએ પાણી ભરાઈ ગયા છે. તોતિંગ વૃક્ષ પડવાના કોલ આવતા ફાયર બ્રિગેડ ઘટનાસ્થળોએ પહોંચવા લાગ્યા હતા. તો પાદરામાં ગાજવીજ અને પવન સાથે વરસાદ પડતા નીચાણવાળા વિસ્તારમાં પાણી ભરાઈ ગયા.

દક્ષિણ ગુજરાતથી ચોમાસું આગળ વધતા વડોદરાથી આણંદ અને ઉમરેઠ પહોંચ્યું હતું. પવન સાથે વરસાદનું આગમન થતાં જ ઉમરેઠમાં લાઈટો ગુલ થઈ ગઈ હતી. ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદમાં ભારે વરસાદ પડ્યો હતો. તો ઠાસરા, ડાકોર, સેવાલીયામાં વરસાદી માહોલ જોવા મળ્યો હતો. મેઘરાજાના આગમનથી ચરોતરના ખેડૂતોમાં ખુશીનો માહોલ જોવા મળ્યો હતો. નવસારી શહેરમાં પણ ધીમી ધારે વરસાદ શરૂ થઈ ગયો છે. ભારે ઉકળાટ અને બફારા બાદ વરસાદ પડતા શહેરીજનોએ રાહતનો શ્વાસ અનુભવ્યો હતો.

મોડીરાત્રે ભારે પવન બાદ ગોધરા સહિત આસપાસના વિસ્તારોમાં ધોધમાર વરસાદ પડતા ચોમાસાની સિઝનનો પ્રથમ વરસાદ નોંધાયો હતો. ગોધરા તાલુકાના બગીડોળ, મહેલોલ, દરુણીયા, પોપટપુરા સહિતના ગામોમાં વરસાદ વરસ્યો.

મહેસાણા જિલ્લામાં ગતરાત્રીમાં સાર્વત્રિક વરસાદ નોંધાયો હતો. ત્યારબાદ જિલ્લામાં છુટા છવાયા ઝાપટા બાદ વહેલી સવારથી મેઘરાજાએ ધોધમાર ઈનિંગ શરૂ કરી હતી. તમામ તાલુકામાં વરસાદ નોંધાયો હતો. બહુચરાજી, જોટાણામાં અડધો ઈંચ વરસાદ પડ્યો હતો. વહેલું ચોમાસુ શરૂ થતાં ખેડૂતોમાં આનંદ આવી ગયા છે.

## સામાન્ય વરસાદે જ AMCના પ્રિ-મોન્સૂન કામગીરીની પોલ ખોલીઃ ઠેર-ઠેર પાણી ભરાયા



અમદાવાદ,

પહેલા વરસાદે જ અમદાવાદ મ્યુનિસિપિલ કોર્પોરેશનની કામગીરીની પોલ ખોલી છે. અમદાવાદમાં વરસાદની શરૂઆત થતા જ રોડ તૂટવા લાગ્યા છે. અમદાવાદમાં રાત્રે પડેલા અડધા ઈંચ વરસાદે અમદાવાદના અનેક વિસ્તારોની હાલત દયનીય બની છે.

રાત્રે ૮ થી ૯ દરમ્યાન અમદાવાદ શહેર સરેરાશ અડધા ઈંચથી વધુ વરસાદ ખાબક્યો હતો. જેના બાદ વાસણા બેરેજનો ૧ ગેટ ૧ ફૂટ ખોલાયો હતો. અમદાવાદના સરખેજ, બોપલ, જોધપુર, ટાગોર કન્ટ્રોલ, દુધેશ્વર, મેમકો સહિતના વિસ્તારોમાં ૧ ઈંચ વરસાદ પડ્યો હતો. માત્ર સામાન્ય વરસાદમાં પણ કેટલાક વિસ્તારોની હાલત દયનીય બની છે. શાયોના સિટીથી ચાંદલોડિયા તરફ જતા વચ્ચે આવતા ગરનાળામાં ગુરુવારે સવારે પણ પાણી ભરાયેલુ જોવા મળ્યું. હજુ સુધી પાણી કાઢવા માટે તંત્ર તરફથી કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી.

આ કારણે આજે સવારે અનેક વાહનચાલકો ગરનાળામાં ભરાયેલા પાણીમાંથી વાહન કાઢવા મજબૂર બન્યા હતા. અનેક વાહનચાલકો ગરનાળામાં ભરાયેલું પાણી જોઈને વાહન લઈ પરત ફર્યા, તો અનેક વાહનચાલકોએ કિસ્મત અજમાવી હતી. આ કારણે કેટલાક વાહનચાલકો ભરાયેલા પાણીમાં વાહન લઈ પડ્યા હતા. ગરનાળામાં પાણી ભરાયેલું હોઈ અનેક વાહનચાલકો ગરનાળાની ઉપરની તરફ આવેલા રેલવે ટ્રેક પરથી પોતાના વાહનો પસાર કરાવી રહ્યા છે. જીવના જોખમે વાહનો રેલવે ટ્રેક પરથી લોકો જોખમી રીતે પોતાના વાહનો કુદાવી રહ્યા છે.

અમદાવાદમાં મોડી રાત્રે પડેલા વરસાદમાં કેટલાક વૃક્ષો પણ ધરાશાયી થયા છે. માણેકબાગથી આંબાવાડી તરફ જતા માર્ગ પર વૃક્ષ ધરાશાયી થયા હતા. મુખ્ય માર્ગ પર વૃક્ષ ધરાશાયી થતા બંને તરફનો માર્ગ બ્લોક થયો હતો. આ કારણે વાહનચાલકોને પણ મુશ્કેલી થઈ રહી છે. બે તરફના માર્ગમાંથી હાલ માત્ર એક જ વાહન પસાર થઈ શકે એવી સ્થિતિ સર્જાઈ છે.

## India-Pakistan સરહદ પરના ‘ઝીરો પોઈન્ટ’ ખાતે સુવિધાઓ વિકસાવાશેઃ રૂપાણી




ગાંધીનગર,

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ ભારત પાકિસ્તાન સરહદે અને બનાસકાંઠાના છેવાડાના વિસ્તાર નડાબેટ ખાતે ‘સીમાદર્શન’ અંતર્ગત પ્રવાસન વિભાગ દ્વારા બોર્ડર ટુરિઝમના હાથ ધરાઈ રહેલા વિવિધ પ્રવાસન વિકાસ કામોની નિરીક્ષણ મૂલાકાત નડાબેટ જઈને કરી હતી. પ્રવાસન મંત્રી જવાહરભાઈ ચાવડા સાથે મુખ્યમંત્રી વિજય રૂપાણી ગુરૂવારે સવારે નડાબેટ પહોચ્યા હતા અને નડેશ્વરી માતાના ભાવપૂર્વક દર્શન-પૂજન કરી તેમની મૂલાકાતનો પ્રારંભ કર્યો હતો.

સીમાદર્શનનો આ પ્રોજેકટ સમગ્રતયા અંદાજિત ૧૨૫ કરોડ રૂપિયાના ખર્ચે નિર્માણ પામી રહ્યો છે અને આગામી ૧૫ ઓગસ્ટ-૨૦૨૧ પહેલા પૂર્ણ થવાનો અંદાજ છે. આ પ્રોજેકટ અન્વયે ગુજરાત પ્રવાસન નિગમે નડેશ્વરી માતાના મંદિર પાસે વિસામોની કામગીરી પૂર્ણ કરી છે. એટલું જ નહિ, નડેશ્વરી મંદિરથી સીમાદર્શન માટેના ઝીરો પોઈન્ટ સુધી જવાના માર્ગ પર ટી જંકશન પાસે વિવિધ યાત્રી સુવિધાના કામો અલગ-અલગ ચાર ફેઈઝમાં હાથ ધરાઈ રહ્યા છે.

મુખ્યમંત્રીએ આ કામોમાં ફેઈઝ-૧ના કામો જે અંદાજે રૂ. ૨૩ કરોડના ખર્ચે પૂર્ણતાને આરે છે તે કામો અને યાત્રી સુવિધાઓનું સ્થળ નિરીક્ષણ કરી સંપૂર્ણ વિગતો મેળવી હતી. મુખ્યમંત્રીએ પ્રવાસન મંત્રી સાથે બીજા ફેઈઝના કુલ ૩૨ કરોડના ખર્ચે નિર્માણાધિન વિકાસ કામોનું પણ નિરીક્ષણ કર્યુ હતું.

આ બીજા ફેઈઝના કામોમાં અજય પ્રહરી સ્મારક, પરેડ ગ્રાઉન્ડ, એકઝીબીશન સેન્ટર અને સરહદ સલામતીની વિશિષ્ટ પ્રતિકૃતિ સમાન ગેઈટના કામો હાલ ચાલી રહ્યા છે. મુખ્યમંત્રીએ આ મૂલાકાત દરમ્યાન પ્રચાર માધ્યમો સાથેની વાતચીતમાં સ્પષ્ટપણે જણાવ્યું કે, નડાબેટ સીમાદર્શન કાર્યક્રમ બોર્ડર ટૂરિઝમ ક્ષેત્રે વિશ્વના પ્રવાસન નકશે ગુજરાતને આગવું સ્થાન અપાવશે. એટલું જ નહિ, આ સ્થળની મૂલાકાતે આવનારા પ્રવાસીઓ આપણા સુરક્ષાબળોની જવાંમર્દી, રાષ્ટ્રપ્રેમ ભાવનાના ઈતિહાસથી ગૌરવાન્વિત થશે. પ્રવાસન પ્રવૃત્તિ વધતાં સ્થાનિક રોજગારીની તકોનું પણ સર્જન થશે.

## વડોદરામાંથી કરોડો રૂપિયાનું MD ડ્રગ્સ પકડાયું



વડોદરા,

વડોદરાના પાદરા ગામમાંથી કરોડોના ડ્રગ્સનો જથ્થો પકડાયો છે. એનસીબી અને પાદરા પોલીસે સાથે ઓપરેશન પાર પાડીન એમડી ડ્રગ્સનો જથ્થો પકડી પાડ્યો છે. આ એમડી ડ્રગ્સની કિંમત કરોડો રૂપિયાની છે. હાલ પાદરા પોલીસ સ્ટેશનમાં મુદ્દામાલ લવાયો છે. એનસીબી અને પાદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે કે આખરે આટલા મોટા પ્રમાણમાં ડ્રગ્સનો જથ્થો આવ્યો કેવી રીતે.

એનસીબી અને પાદરા પોલીસના સંયુક્ત ઓપરેશનમાં અંદાજે ૧ કિલોનું એમડી ડ્રગ્સ પકડાયું છે. પાદરાના સમિયાલા ગામ પાસેના રોડ પરથી એક ગાડી પકડાઈ હતી, જેમાં આ ડ્રગ્સનો જથ્થો લઈ જવાતો હતો. આ સાથે જ ૫ આરોપીઓ પકડાયા છે. પોલીસે બે ગાડીઓ અને મોટી રકમ પણ આરોપીઓ પાસેથી જપ્ત કરી છે.

આ ડ્રગ્સની હેરાફેરીમાં અન્ય લોકોની સંડોવણી પણ બહાર આવી શકે છે. હાલ વડોદરા પોલીસ આ મામલે તપાસ કરી રહી છે. ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં છેલ્લા કેટલાક મહિનાઓથી મોટી સંખ્યામાં ડ્રગ્સ વેચાઈ રહ્યું છે. ગુજરાતના યુવાધનને નશાના રવાડે ચઢાવવામાં આવી રહ્યા છે. આ આરોપીઓને પકડી પાડવા ગુજરાત પોલીસ સજ્જ બની છે.

## કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ ૨૧ જૂને ગાંધીનગર આવશે

ગાંધીનગર,

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ આગામી તારીખ ૨૧ જૂનના રોજ ગાંધીનગર ખાતે આવી રહ્યા છે .વિશ્વ યોગ દિવસ ના દિવસે ગાંધીનગર મહાનગરપાલિકા આયોજિત સેકટર ૨૮ ની વસંતકુવરબા હાઈસ્કુલ પાછળના ખુલ્લા મેદાનમાં વૃક્ષારોપણ ના કાર્યક્રમમાં વચ્રયુઅલ હાજરી આપશે તેમજ સાંસદના આદર્શ ગામ તરીકે પસદં કરેલા પાલ અને કોલવડા સાથે વેકિસનેશન ના કાર્યક્રમમાં વિશેષ હાજરી આપનાર છે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં વેકસીનેશનની કામગીરી થોડીક ધીમી ચાલી રહી છે. અત્યાર સુધીમાં જિલ્લામાં પહેલો ડોઝ લેનાર ૬.૨૧લાખ લોકો છે. બીજો ભાગ લેનાર ૧.૫૧ લાખ લોકો છે.વેકસીનેશનની ખૂબ જ ધીમી કામગીરીને લઈને સાંસદ અમિત શાહ ગ્રામ્ય વિસ્તારની મુલાકાતે જઈ રહ્યા છે.

છેલ્લે અમિત શાહ ગાંધીનગરની મુલાકાતે આવ્યા ત્યારે કોલવડા આયુર્વેદ હોસ્પિટલમાં ઓકિસજન પ્લાન્ટનું લોકાર્પણ કયુ હતું .તેમજ ગાંધીનગરમાં બારસો બેડની કોવીડ હોસ્પિટલ મહાત્મા મંદિર ખાતે નિર્માણની જાહેરાત કરી હતી. આ હોસ્પિટલ તૈયાર થઈ ગયા પછી તેવો ગાંધીનગર આવી રહ્યા છે સંભવતઃ આ હોસ્પિટલની મુલાકાત કરે તેવી શકયતા અત્યારે જોવાઈ રહી છે.


કોરોના વાઈરસથી ગભરાશો નહી, ઘરમાં રહો, સુરક્ષીત રહો. સરકારની સૂચનાઓનું પાલન કરો.

- છીંકતી વખતે/ખાંસતી વખતે મોં ઉપર રૂમાલ રાખો.
- હાથને ૨૦ સેકન્ડ સુધી વારંવાર ધુઓ/સેનેટાઈઝરનો ઉપયોગ કરો.
- મોં પર માસ્ક પહેરવાનું રાખો.
- સામાજીક ૧ મીટરનું અંતર રાખો.
- જરૂરી કામ વગર ઘરની બહાર જવાનું ટાળો.
- શરદી, ખાંસી, તાવ જેવા લક્ષણો જણાય તો તરત જ ડોક્ટરને જાણ કરો.

વી. જી. ભગત

મુ. અંકલેશ્વર રોડ(લુહાર ફ.), તા. ગોધરા


## CBSE ધો.૧૨ના પરિણામ અંગે કેન્દ્રનું સુપ્રીમ કોર્ટમાં સોગંદનામું

## ધોરણ ૧૦ અને ૧૧માના માર્ક્સના આધારે નક્કી થશે પરિણામ



ન્યુ દિલ્હી,

સીબીએસઈ તરફથી ધોરણ-૧૨ના પરિણામ તૈયાર કરવાને લઈ રચવામાં આવેલી કમિટીએ આજે સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો છે. સુપ્રીમ કોર્ટે સીબીએસઈને મૂલ્યાંકન નીતિ નક્કી કરવા માટે ૧૪ દિવસનો સમય આપ્યો હતો.

કોરોના વાયરસના સંક્રમણના કારણે સીબીએસઈ અને આઈસીએસઈ તરફથી ધોરણ-૧૨ બોર્ડ પરીક્ષા ૨૦૨૧ને રદ કરી દેવામાં આવી હતી. હવે પરિણામ જાહેર કરવાને લઈ સીબીએસઈ તરફથી તૈયારી કરવામાં આવી રહી છે. આજે સુપ્રીમ કોર્ટમાં સીબીએસઈ ધોરણ-૧૨નું પરિણામ જાહેર કરવાને લઈ સુનાવણી હાથ ધરવામાં આવી જેમાં સીબીએસઈએ સોગંધનામું રજૂ કર્યું. સુપ્રીમ કોર્ટમાં AGએ કહ્યું કે આ પહેલા આવી પરિસ્થિતિ ક્યારેય ઊભી નથી થઈ. કોર્ટે કહ્યું કે પોલિસીની એક નકલ વિકાસ સિંહને પણ આપવામાં આવે.

CBSE અને ICSE બોર્ડ તરફથી ધોરણ-૧૨ની માર્કશીટ તૈયાર કરાને લઈ રચવામાં આવેલી ૧૩ સભ્યોની સમિતિએ સુપ્રીમ કોર્ટમાં પોતાનો રિપોર્ટ રજૂ કર્યો. CBSEએ જણાવ્યું કે ધોરણ-૧૦, ધોરણ-૧૧ અને ધોરણ-૧૨ની પ્રી બોર્ડ પરીક્ષાના પરિણામ અને ધોરણ-૧૨ના ફાઈનલ પરિણામના આધાર પર તૈયાર કરવામાં આવશે અને પરિણામ ૩૧ જુલાઈ સુધીમાં જાહેર કરી દેવામાં આવશે.

સીબીએસઈએ કહ્યું છે કે ધોરણ-૧૦ના ૫ વિષયમાંથી ૩ વિષયના સૌથી સારા માર્કને લેવામાં આવશે. આવી જ રીતે ધોરણ-૧૧ના ૫ વિષયના સરેરાશ માર્ક લેવામાં આવશે. આ ઉપરાંત ધોરણ-૧૨ના પ્રી-બોર્ડ પરીક્ષા અને પ્રેક્ટિકલના માર્કને લેવામાં આવશે. ધોરણ-૧૦ના માર્કના ૩૦ ટકા, ધોરણ-૧૧ના માર્કના ૩૦ ટકા અને ધોરણ-૧૨ના માર્કના ૪૦ ટકાના આધાર પર પરિણામ આવશે.

CBSEએ ધોરણ-૧૨ની પરીક્ષા માટે મૂલ્યાંકન માપદંડ પ્રસ્તુત કરતાં કોર્ટને જણાવ્યું કે, ૪૦ ટકા માર્ક ધોરણ-૧૨ની પ્રી-બોર્ડ પરીક્ષાને આધારિત હશે. જ્યારે ધોરણ-૧૦ અને ધોરણ-૧૧ની પરીક્ષાના પણ ૩૦-૩૦ ટકા માર્ક તેમાં જોડાશે. બોર્ડે ધોરણ-૧૨ના પરિણામમાં અગાઉની પરીક્ષાઓના પ્રદર્શનને પણ મહત્ત્વ આપવાનો નિર્ણય કર્યો છે.

જસ્ટિસ એ.એમ. ખાનવિલકર અને જસ્ટિસ દિનેશ માહેશ્વરીની બેન્ચે બોર્ડના પ્રસ્તાવ પર સૈદ્ધાંતિક સહમતિ આપી દીધી છે. તેની સાથે જ કોર્ટે CBSE અને ICSEને પોતાની વેબસાઈટો પર મૂલ્યાંકન યોજના અપલોડ કરવાના નિર્દેશ આપ્યા છે. CBSEએ સુપ્રીમ કોર્ટને જણાવ્યું કે, પ્રેક્ટિકલ ૧૦૦ માર્કનું હશે અને સ્ટુડન્ટ્સને સ્કૂલો દ્વારા આપવામાં આવેલા માર્ક જ માન્ય હશે. ICSEએ પણ સુપ્રીમ કોર્ટને સોગંધનામું આપીને જણાવ્યું કે ૩૧ જુલાઈ પહેલા પરિણામ જાહેર કરી દેવામાં આવશે.

## કોરોનાના કેસોમાં બીજા દિવસે ઉછાળો, ૨૪ કલાકમાં ૬૭,૨૦૮ નવા કેસ



ન્યુ દિલ્હી,

ભારતમાં કોરોનાના નવા કેસમાં સતત વધારો નોંધાઈ રહ્યો હતો ત્યારે પાછલા ૨૪ કલાકમાં નોંધાયેલા કેસમાં અગાઉના દૈનિક કેસ કરતા ૫૦૦૦ જેટલો વધારો નોંધાયો છે. જોકે, મૃત્યુઆંકમાં સતત ઘટાડો નોંધાઈ રહ્યો છે. આ સાથે કોરોનાના સાજા થતા દર્દીઓની સંખ્યામાં વધારો થવાથી એક્ટિવ કેસમાં પણ ઘટાડો થઈ રહ્યો છે. એક્ટિવ કેસનો આંકડો ૭૧ દિવસ પહેલા જેટલો નીચો હતો ત્યાં પહોંચી ગયો છે.

કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયના જણાવ્યા પ્રમાણે ભારતમાં કોરોનાના નવા દૈનિક ૬૭,૨૦૮ કેસ નોંધાયા છે અને ૨,૩૩૦ દર્દીઓના મોત થયા છે. આ પહેલા બુધવારે રજૂ કરાયેલા આંકડામાં ૬૨,૨૨૪ નવા કેસ નોંધાયા હતા અને ૨૫૪૨ દર્દીઓના જીવ ગયા હતા.

ભારતમાં કોરોનાના સતત સાજા થતા દર્દીઓની સંખ્યા નવા કેસની સામે મોટી રહેવાથી એક્ટિવ કેસ પાછલા ૭૧ દિવસના સૌથી ઓછા કેસ થઈ ગયા છે. આજે રજૂ કરાયેલા આંકડા પ્રમાણે હવે દેશમાં ૮,૨૬,૭૪૦ એક્ટિવ કેસ છે.

દેશમાં ૨૪ કલાકમાં ૧,૦૩,૫૭૦ દર્દીઓ કોરોનાને હરાવીને સાજા થતા કુલ સાજા થયેલા દર્દીઓની સંખ્યા પોણા ત્રણ કરોડને પાર કરીને ૨,૮૪,૯૧,૬૭૦ પર પહોંચી ગઈ છે. આ સિવાય દેશમાં કોરોનાના કુલ કેસની સંખ્યા ૨,૯૭,૦૦,૩૧૩ સાથે ત્રણ કરોડની નજીક પહોંચી ગઈ છે. એક દિવસમાં વધુ ૨૩૩૦ દર્દીઓના કોરોનાથી મોત થતા કુલ મૃત્યુઆંક ૩,૮૧,૯૦૩ પર પહોંચી ગયો છે.

ભારતમાં ૧૬ જાન્યુઆરીના રોજ રસી અભિયાન ચાલુ થયું હતું અને હવે તેને ધીમે-ધીમે વધુ વેગ આપવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે. આવામાં અત્યાર સુધીમાં દેશમાં કોરોનાની રસીના કુલ ૨૬,૫૫,૧૯,૨૫૧ ડોઝ આપવામાં આવ્યા છે.

ICMR મુજબ ભારતમાં કોરોનાની તપાસ માટે ૧૬ જૂન સુધીમાં કુલ ૩૮,૫૨,૩૮,૨૨૦ સેમ્પલ લેવામાં આવ્યા છે. જેમાંથી ગઈકાલે ૧૯,૩૧,૨૪૯ સેમ્પલ લેવામાં આવ્યા છે.

## ડ્રાઈવિંગ લાયસન્સ, RC બુક સહિતના ડોક્યુમેન્ટની સરકારે ૩૦ સપ્ટેમ્બર સુધી મુદત વધારી

ન્યુ દિલ્હી,

ડ્રાઈવિંગ લાયસન્સ, રજિસ્ટ્રેશન સર્ટિફિકેટ, ફિટનેસ સર્ટિફિકેટ સહિત અન્ય મોટર વ્હિકલ ડોક્યૂમેન્ટ્સની વેલિડિટી સરકારે એકવાર ફરીથી વધારી છે. કોરોના મહામારીની બીજી લહેરને ધ્યાનમાં રાખીને આ તમામ ડોક્યૂમેન્ટ્સ હવે ૩૦ સપ્ટેમ્બર સુધી માન્ય રહેશે. પહેલા આ તમામ ડોક્યૂમેન્ટ્સની માન્યતા ૩૦ જૂનના રોજ ખતમ થઈ રહી હતી. સરકારના આ પગલાથી કરોડો લોકોને રાહત મળશે. રોડ અને પરિવહન મંત્રાલય તરફથી બહાર પડેલા આદેશ મુજબ આ ડોક્યૂમેન્ટ્સ કે જે ૧ ફેબ્રુઆરી ૨૦૨૦ સુધીમાં એક્સપાયર થઈ ગયા હતા કે પછી ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધીમાં એક્સપાયર થવાના છે અને લોકડાઉન પ્રતિબંધોના કારણે રિન્યૂ નથી થઈ શક્યા તેમને હવે ૩૦ સપ્ટેમ્બર ૨૦૨૧ સુધી કાયદેસર માન્ય ગણાશે. મંત્રાલય તરફથી તમામ સંભવિત વિભાગોને આ અંગે આદેશ આપવામાં આવ્યા છે. તેમને કહેવાયું છે કે તેનાથી નાગરિકોને ટ્રાન્સપોર્ટ સંબંધિત સેવાઓમાં કોઈ પણ પ્રકારની મુશ્કેલી આવવી જોઈએ નહીં. તમામ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને કહેવાયું છે કે તેઓ તેને તત્કાળ પ્રભાવથી લાગૂ કરે જેથી કરીને ટ્રાન્સપોર્ટ્સ અને અન્ય સંસ્થાઓ જે આ કપરી પરિસ્થિતિમાં કામ કરી રહી છે તેમને કોઈ પણ પ્રકારની સમસ્યા કે હેરાનગતિનો સામનો ન કરવો પડે.

## નેશનલ હાઈવેના તમામ પ્રોજેક્ટ્સ માટે ડ્રોન સર્વે ફરજિયાત

ન્યુ દિલ્હી,

કામકાજમાં પારદર્શિતા વધારવાના પ્રયાસોના ભાગરૂપે નેશનલ હાઈવે ઑથોરિટી ઑફ ઈન્ડિયા (એનએચએઆઈ)એ રાષ્ટ્રીય હાઈવે પ્રોજેક્ટ્સના બાંધકામ, નિર્માણ, કામગીરી અને જાળવણી જેવા તમામ તબક્કા દરમિયાન ડ્રોન દ્વારા માસિક વીડિયો રેકોર્ડિંગ ફરજિયાત બનાવવામાં આવ્યું છે. સુપરવિઝન કધસલ્ટન્ટ્સના ટીમ લીડરની હાજરીમાં કોન્ટ્રાક્ટર્સ અને કધસેશનિયર્સે ડ્રોન દ્વારા વીડિયો રેકોર્ડિંગ કરી એનએચએઆઈના પોર્ટલ ‘ડેટા લેક’ પર અપલોડ કરવાનું રહેશે. એનએચએઆઈના પ્રોજેક્ટ ડિરેક્ટર્સે કોન્ટ્રાક્ટ હાથમાં લેવાના દિવસથી સાઈટ પર પ્રોજેક્ટના બાંધકામથી પ્રોજેક્ટ પૂરો થવા સુધીના તમામ મહિનાના ડ્રોન સર્વે કરવા પડશે. કામગીરી અને જાળવણીની જવાબદારી એનએચએઆઈની હોય તેવા નિર્માણ પામેલા દરેક પ્રોજેક્ટ્સમાં એનએચએઆઈ પણ માસિક ડ્રોન સર્વે કરશે. આ બધા વીડિયોને ‘ડેટા લેક’ પર કાયમી રીતે સ્ટોર કરવામાં આવશે, જેનો વિવાદ નિરાકરણ પ્રક્રિયા દરમિયાન પુરાવા તરીકે ઉપયોગ કરી શકાશે. રસ્તાની ગુણવત્તા સુધારવા માટે નેશનલ હાઈવે પર રોડ કન્ડિશન સર્વે કરવા માટે નેટવર્ક સર્વે વાહન (એનએસવી)ની તહેનાતી ફરજિયાત કરવામાં આવી છે, એમ એનએચએઆઈએ જણાવ્યું હતું.

મહિસાગર આવૃત્તિ
લુણાવાડા, ખાનપુર, સંતરામપુર, બાલાસિનોર, વિરપુર, કડાણા

પંચમહાલ સમાચાર

# મહીસાગરમાં આજે ૧ પોઝિટિવ કેસ : જિલ્લામાં કોરોનાના કુલ ૭૪૯૦ પોઝીટીવ કેસ નોંધાયા

લુણાવાડા,

કોરોના વાયરસની સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં સંખ્યાબંધ પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોની જાગૃતિ એટલી જ જરૂરી છે. જાગૃતિ અને સાવધાની એ જ બચાવનું શ્રેષ્ઠ માધ્યમ સાબિત થયા છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેકટર આર. બી. બારડ અને જિલ્લા વિકાસ અધિકારી કે. ડી. લાખાણીના સીધા માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ ભરવામાં આવી રહ્યા છે.

મહીસાગર જિલ્લામાં આજે લુણાવાડા તાલુકાના ૦૧ પુરૂષનો કોરોના રીપોર્ટ પોઝીટીવ આવ્યા છે. આમ, જિલ્લામાં કોરોનાના અત્યાર સુધીમાં એટલે કે તારીખ ૧૭-૦૬-૨૦૨૧ના સાંજના ૫-૦૦ વાગ્યા સુધીમાં ૭૪૯૦ કેસ પોઝીટીવ નોધાયા છે.

આજે જિલ્લામાં સારવાર લઈ રહેલા દર્દીઓ પૈકી લુણાવાડા તાલુકાના ૦૨ પુરૂષ, સંતરામપુર તાલુકાની ૦૨ સ્ત્રી અને વિરપુર તાલુકાની ૦૧ સ્ત્રી દર્દીએ કોરોનાને મ્હાત આપતાં તેમને રજા આપવામાં આવી છે.

આમ, જિલ્લામાં અત્યાર સુધીમાં કુલ ૭૩૮૫ દર્દીઓ સ્વસ્થ થઈને સ્વગૃહે પરત ફર્યા છે. જિલ્લામાં કોરોનાના સંક્રમણને કારણે ૨૨ વ્યક્તિનું મૃત્યુ થયા છે. જયારે અન્ય કારણથી ૫૧ દર્દીનુ મૃત્યુ થતાં જિલ્લામાં કુલ ૭૩ મૃત્યુ નોંધાવા પામ્યા છે. અત્યાર સુધીમાં જિલ્લામાં સીઝનલફલુ/ કોરોનાના કુલ ૨૭૨૬૭૩ રીપોર્ટ નેગેટીવ આવ્યા છે. તેમજ જિલ્લાના ૨૦૭ વ્યકિતઓને હોમ કવોરોન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું છે.

મહીસાગર જિલ્લામાં કોરોના પોઝીટીવના કારણે ૦૨ દર્દી ડીસ્ટ્રીકટ હોસ્પિટલ, લુણાવાડા ખાતે, ૨૩ દર્દી હોમઆઈસોલેશનમાં, ૦૩ દર્દી એસ.ડી.એસ. સંતરામપુર ખાતે, ૦૨ દર્દી અન્ય જિલ્લા ખાતે અને ૦૨ દર્દી પ્રાઈવેટ હોસ્પિટલ, મહીસાગર ખાતે સારવાર હેઠળ છે.

કોરોના પોઝીટીવ આવેલ દર્દીઓ પૈકી ૨૯ દર્દીઓ સ્ટેબલ, ૦૨ દર્દીઓ ઓક્સિજન પર અને ૦૧ દર્દી વેન્ટીલેટર પર છે.

# ભરુચ-ખેડા જિલ્લાના ૧૫૦ કરોડના ત્રણ વિકાસ કામોનું ના.મુખ્યમંત્રીએ વર્ચ્યુઅલી લોકાર્પણ કર્યું



ગાંધીનગર,

નાયબ મુખ્યમંત્રી અને માર્ગ-મકાન વિભાગ મંત્રી નીતિન પટેલે જણાવ્યું છે કે, દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના 'સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌના વિશ્વાસ'ના મંત્રને ચરિતાર્થ કરીને જનસુખાકારીના વિકાસ કામો થકી પ્રજાનો વધુને વધુ વિશ્વાસ સંપાદિત કરવા રાજ્ય સરકાર કટીબદ્ધ છે.

રાજયમાં કોરોનાના કપરાકાળમાં પણ રાજયની વણથંભી વિકાસયાત્રાને અટકવા દીધી નથી અને હાલ સમગ્ર રાજ્યમાં રૂા.૧૫ થી ૧૭ હજાર કરોડના માર્ગ-મકાન વિભાગના કામો વિવિધ તબક્કે પ્રગતિ હેઠળ છે. ભરૂચ ખાતેના નર્મદા મૈયા બ્રીજનું ટૂંક સમયમાં લોકાર્પણ કરાશે.

આજે ભરૂચ અને ખેડા જિલ્લાના રૂા. ૧૫૦ કરોડના ત્રણ વિકાસ કામોનું ગાંધીનગરથી વર્ચ્યુઅલી લોકાર્પણ અને ખાતમુર્હૂત કરતા નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે ઉમેર્યુ કે, ઔદ્યોગિક ક્ષેત્રે મહત્વનો એવા ભરૂચ જિલ્લામાં અંકલેશ્વર ખાતેના ગડખોલ ખાતે રૂા.૮૪ કરોડના ખર્ચે ઓવરબ્રીજના નિર્માણથી આ વિસ્તારના લોકોને તથા વાહનવ્યવહારને સરળતા થશે અને સમય તથા ઈંધણની પણ બચત થશે.

એ જ રીતે પવિત્ર યાત્રાધામ ડાકોર ખાતે લાખો શ્રદ્ધાળુઓ રાજા રણછોડરાયના દર્શને આવતા હોય છે ત્યારે ડાકોર જંકશન ખાતે જે વર્ષો જૂની ટ્રાફિકની સમસ્યા હતી તેના નિયંત્રણ માટે રૂા. ૭૩ કરોડના ખર્ચે ફલાયઓવર બ્રિજનું નિર્માણ કરાશે. જેના પરિણામે ટ્રાફિકના પ્રશ્નો હલ થશે તેમજ ઉમરેઠ ખાતે રૂા. ૧.૫૦ કરોડના ખર્ચે નવનિર્મિત સરકીટ હાઉસ પણ લોકો માટે ઉપયોગી નીવડશે.

નાયબ મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે, ભૂતકાળમાં ન થયા હોય એવા અદ્યતન સુવિધાઓ સાથેના અદભૂત વિકાસકામો અમારી સરકાર મુખ્યમંત્રી વિજય રૂપાણીના માર્ગદર્શન હેઠળ કરી રહી છે. જેના પરિણામે રાજયના નાગરિકોની સુવિધાઓમાં વધારો થઈ રહ્યો છે. એ જ રીતે ગામડાઓમાં કાચા રસ્તાને પાકા રસ્તા બનાવવા માટે મુખ્યમંત્રી ગ્રામ સડક યોજના હેઠળ મોટાભાગના ગામડાંઓને આવરી લેવાયા છે. જેના નિર્માણથી ગ્રામ્યસ્તરે પણ પરિવહનની સુવિધાઓ વધુ સુદઢ બનશે.

# શંકરસિંહ વાઘેલાને પરત કોંગ્રેસમાં લાવવા કવાયત તેજ ટૂંક સમયમાં જાહેરાત થાય તેવી સંભાવના



તસ્વીર : હિમાંશુ પંડ્યા, નદીસર

નદીસર,

ગુજરાતના પૂર્વ મુખ્ય મંત્રી અને બાપુના હુલામણા નામથી જાણીતા શંકર સિંહ વાઘેલાને પરત કોંગ્રેસમાં લાવવાની કવાયત હવે તેજ બનાવવામાં આવી છે. પૂર્વ કેન્દ્રીય મંત્રી ભરતસિંહ સોલંકી એ ટૂંકા ગાળામાં ચાર વખત શંકરસિંહ વાઘેલાની મુલાકાત લઈ બાપુ સાથે ચર્ચા વિચારણા કરી લીધી છે. ભૂતકાળમાં ૨૦૧૭ની રાજયસભાની ચુંટણીમાં કોંગ્રેસના દિગ્ગજ ઉમેદવાર અહેમદ પટેલને હરાવવા માટે શંકરસિંહ સાથે તેમના ગ્રુપના ધારાસભ્યો એ ક્રોસ મતદાન કરી કોંગ્રેસ માંથી રાજીનામું આપ્યું હતું. તેમના તમામ સાથી એમ.એલ.એ. એ ભાજપમાં જોડાઈને તત્કાલીન વિધાનસભા ચૂંટણી લડ્યા હતા. ત્યારે શંકરસિંહ વાઘેલા એ પોતાને તેમજ ભાજપમાં જવા ઈચ્છુક પોતાના પુત્ર અને તત્કાલીન બાયડના કોંગ્રેસ ધારાસભ્ય મહેન્દ્રસિંહ વાઘેલાને ભાજપમાં જોડાવા થી દુર રાખ્યા હતા. ત્યાર બાદ બાપુ એન.સી.પી.માં જોડાયા હતાં પણ તેમની ફ્રીડમ થી કામ કરવાની નીતિ સામે એન.સી.પી. ની કાર્ય પદ્ધતિ થી નારાજ શંકરસિંહ ત્યાંથી પણ રાજીનામું આપી દીધું હતું અને સક્રિય ખરા પણ રાજકીય પક્ષો થી દુર રહી તેમની વિવિધ રાજકીય પ્રવૃતિઓથી તેવો સતત લિપ્ત રહ્યા હતા.

આ તરફ એ નગ્ન સત્ય છે કે, અહેમદ પટેલ જેવા પીઢ અને અનુભવી તેમજ વફાદાર નેતાના અચાનક કોરોનાના કારણે નિધન થી ગુજરાત સાથે સેન્ટ્રલ લેવલે પણ કોંગ્રેસ હતપ્રભ હતી. બાપુમાં કહેવા મુજબ અહેમદભાઈ સાથે તેમને સારી મિત્રતા હતી અને તેમના અવસાન વખત એ રાહુલ ગાંધી અને કોંગ્રેસના નેતાઓની હાજરી વખતે શંકરસિંહ વાઘેલાનું જવું સામાન્ય હતું, પણ રાજકીય વિશ્લેષકો મુજબ તે વખતે કોંગ્રેસના નેતાઓએ શંકરસિંહ વાઘેલાને કોંગ્રેસમાં પરત આવવા આમંત્રણ આપ્યું હતું અને આમ પણ ગુજરાત કોંગ્રસનો એક મોટો વર્ગ શંકરસિંહ વાઘેલાના પક્ષ છોડીને જવાથી દુઃખી હતો. જેવોની સતત બાપુ સાથેની ટેલીફોનીક વાતમાં બાપુ ને પરત આવવા પર ચર્ચા થતી હતી. આ તરફ રાજકીય વિશ્લેષકોના ગણિત મુજબ શંકરસિંહને વ્યક્તિ ગત ચાહવા વાડો વર્ગ આજે પણ ગુજરાતમાં મોજૂદ છે. શંકરસિંહ ખૂબ અનુભવી અને પીઢ નેતા છે. જે આજે પણ ગામે ગામ થી ત્યાં ના આગેવાનો થી વ્યક્તિ ગત પરિચિત છે. ત્યારે શંકરસિંહ વાઘેલાને ખુદ તેવોની સંમતિ થી કોંગ્રેસમાં પરત લાવી મોટું સન્માન આપવા કોંગ્રેસ દ્વારા પણ મન મનાવી લેવામાં આવ્યું છે.

જયારે એવું પણ માનવામાં આવી રહ્યું છે કે, શંકરસિંહના કોંગ્રેસમાં પુનરાગમન થી રાજ્યમાં ઘણા બધા રાજકીય સમીકરણો બદલાઈ તેવી પણ શક્યતા છે. કારણકે બાપુનો ચાહક વર્ગ બધે જ છે અને તેવો બાપુ સાથે લાગણી થી જોડાયેલા હોય તેવું માનવા માં આવી રહ્યું છે.

આ તરફ ગુજરાત કોંગ્રેસમાં આ વખતે તમામ પહેલી હરોળના નેતા ઓની બોડી લેન્ગવેજ એકજ દેખાતી હોય તે કોંગ્રેસ માટે અગત્યનું છે. ત્યારે આ નવીન સમીકરણો આગામી સમયમાં શું રાજકીય રંગ લાવશે તે તો સમય જ બતાવશે.

# ગોધરાના બામરોલી રોડ નવી વસાહતમાં નિઃશુલ્ક ઔષધીનું વિતરણ કરાયું




તસ્વીર : આસીફ ધંત્યા, ગોધરા

ગોધરા,

પારૂલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ આયુર્વેદ (NSS Unite) અને સ્પર્શ ગ્રુપના ઉત્સાહી તેમજ સેવાભાવી મિત્રોના સહયોગથી ગોધરા શહેરના બામરોલી રોડ વિસ્તાર ખાતે નવી વસાહતમાં રહેતા જરૂરિયાતમંદ માણસોને કોવિડ-૧૯ મહામારીથી બચવાના ભાગરૂપે સુરક્ષાના હેતુથી નિઃશુલ્ક આયુર્વેદીક ઔષધિનું વિતરણ કરવામાં આવ્યું હતું. જેમાં લગભગ ૨૦૦થી વધુ કીટનું વિતરણ થયેલ છે.

આ સાથે જ પારૂલ આયુર્વેદ હોસ્પિટલમાં ઈન્ટર્ન ડોકટર તરીકે ફરજ બજાવતા ભાવિ આયુર્વેદીક તબીબોની ટીમના મેમ્બર ડો. મિહિર પટેલ, ડો. અનિરૂદ્ધ રાઠોડ અને ડો. જીગર પટેલ દ્વારા મહામારીથી બચવાના ઉપાયોનું માર્ગદર્શન પુરૂ પાડવામાં આવ્યું હતું. તો આ ઉમદા કાર્યમાં સ્પર્શ ગ્રુપના સદસ્યો દ્વારા સંપુર્ણ સહકાર આપવામાં આવ્યો હતો. નવી વસાહતમાં વસતાં પ્રજાજનોને આ સેવાકીય પ્રવૃત્તિનો લાભ મળ્યો તેનો શ્રેય ગજ્જર યક્ષશર્થિ અને સ્પર્શ ગ્રુપ ગોધરાને જાય છે. આ સમગ્ર પ્રવૃત્તિ કોવિડ ગાઈડલાઈન અનુસાર અને ડો. પ્રો. હેમાંગ જોષીના માર્ગદર્શન હેઠળ કરવામાં આવી હતી.

# EWSના ૨,૧૦૦ મકાનો સામે ૩ મહિનામાં માત્ર ૧,૪૨૭ ફોર્મ જ આવ્યા

ગાંધીનગર,

ગુડા દ્વારા ઈકોનોમિકલ બેકવર્ડ ક્લાસ માટે ઈડબલ્યૂએસના મકાનોની સ્કીમ જાહેર કરવામાં આવી છે. ૨૦ માર્ચથી મકાનોની સ્કીમની જાહેરાત ગુડા દ્વારા ગાંધીનગરના જુદા જુદા વિસ્તારમાં કરવામાં આવી છે, જેમાં સરગાસણ, વાવોલ, પેથાપુર જેવા વિકસિત વિસ્તારોમાં આ સ્કીમ બનશે. ઈડબલ્યૂએસના ૨,૧૦૦ મકાનોની સ્કીમ ટોટલ છે, પરંતુ અત્યાર સુધી ત્રણ મહિનામાં ગુડાને માત્રે ૧,૪૨૭ લોકોના ફોર્મ મળ્યા છે. તેનો અર્થ લોકોમાં કોરોનાના પગલે નિરસતા હોય તેવું લાગી રહ્યું છે. કોરોનાના કારણે લોકોના નોકરી, ધંધા પર પણ અસર થઈ છે. આ કારણે ઈડબલ્યૂએસની સ્કીમમાં પણ લોકો ફોર્મ ઓછા ભરી રહ્યા છે.

ગુડાએ લોકોની સુવિધા માટે આ સ્કીમ બહાર પાડી છે, જેમાં ૫,૫૦,૦૦૦ રૂપિયામાં લોકોને ઈડબલ્યૂએસ આવાસ યોજનાના મકાનો ઉપલબ્ધ કરાવવામાં આવે છે, પરંતુ લોકોનું અત્યાર સુધીનો રિસ્પોન્સ ઘણો ઓછો જોવા મળ્યો છે.

# હાલોલમાં મેઘરાજાની પધરામણી થતા વાતાવરણમાં ઠંડક



હાલોલ,

ઋતુચક્ર પ્રમાણે કહેવાય છે કે, જગતનાં તાત ૧૫ જૂન પછી વરસાદની આશા રાખતાં હોય છે. જોકે ૨૦૨૧માં ખેડુત, ધંધાદારીઓમાં, નોકરીયાટ વગે આમતો કોરોના મહામારીના કારણે નારાજ હોય તેવું લાગી રહ્યું છે. હાલ ખેડુતોમાં પણ તાતે જેવા વાવાઝોડાના કારણે નારાજગી જોવા મળી રહી છે. પરંતુ ચોમાસું પાકની આશા રાખતો જગતનો તાત સમય સર વરસાદ થતાં જાણે ચિંતા મુક્ત થશે તેવું ૨૦૨૧ના ૧૫ જૂન પછીના બે દિવસ પછી શરૂ થયેલા સમય અનુસાર વરસાદ જોવાં મળતા ક્યાંકને ક્યાંક આનંદ જોવા મળી રહ્યો છે. ૧૬ જૂનના મોડીરાત્રે ઝરમર છાંટા પછી ૧૭ જૂનના સવારનાં ગરમી ભર્યો વાતાવરણમાં અચાનક પલટો આવી શકતા વાદળો કાળાઘમ થઈ જતાં વરસાદનાં ઝાપટાં શરૂ થઈ ગયા હતાં. અચાનક વાતાવરણમાં પલટાથી શરૂ થઈ ગયેલા વરસાદના ઝાપટાં સવારના ઊકરાટ થી રાહત અનુભવી હતી.૧૫-૨૦ મિનિટ નાં વરસાદી ઝાપટાં એ રસ્તો સુમસામ આને ભીંજવી દીધા હતાં.

# વિશ્વ યોગ દિવસ નિમિત્તે પોસ્ટ ઓફિસ, ગોધરા ખાતે સ્પેશિયલ કેન્સેલેશન સ્ટેમ્પ પ્રસારિત કરાશે

ગોધરા,

પોસ્ટ અધિક્ષક, ગોધરાની એક અખબારીયાદીમાં જણાવ્યા અનુસાર ભારતીય ટપાલ વિભાગ દ્વારા તા. ૨૧મી જૂન, ૨૦૨૧ના વિશ્વ યોગ દિવસ નિમિત્તે એક સાથે ૮૧૦ સ્થાનો પર સ્પેશિયલ કેન્સેલેશન સ્ટેમ્પ પ્રસારિત કરવામાં આવશે. ૭મા વિશ્વ યોગ દિવસ નિમિત્તે ભારતીય ટપાલ વિભાગ એક ખાસ સ્પેશિયલ કેન્સેલેશન સ્ટેમ્પ એક સાથે ૮૧૦ સ્થાનો પરથી પ્રસારિત કરી એક અનોખી પહેલ કરવા જઈ રહ્યું છે. જે અંતર્ગત ગોધરા પોસ્ટ ઓફિસ ખાતે પણ આ સ્ટેમ્પ બહાર પાડવામાં આવશે. ભારતીય ટપાલ વિભાગ તેની ભારતભરની ૮૧૦ હેડ પોસ્ટ ઓફીસ પરથી વિશ્વ યોગ દિવસની સચિત્ર ડિઝાઈન વાળો સ્પેશિયલ કેન્સેલેશન સ્ટેમ્પ રજુ કરશે જે અત્યાર સુધીનો સૌથી મોટો ફિલાટેલીક ઉજવણીનો એક પ્રોગ્રામ હશે. તે દિવસે આ પોસ્ટ ઓફિસમાં આવનારી તેમજ ત્યાંથી પોસ્ટ થનારી ટપાલ પર આ સ્ટેમ્પ લગાવાશે. આ ઉપરાંત, યોગ દિવસ ઉજવણી અંતર્ગત પોસ્ટ ઓફિસના કર્મચારીઓ યોગાસન સહિતની પ્રવૃતિઓમાં ભાગ લઈ ઉત્સાહભેર યોગદિવસની ઉજવણી કરશે.

# ભગવાન જગન્નાથ આ વર્ષે શેરવાની જેવા વાઘા પહેરી ભક્તોને દર્શન આપશે



અમદાવાદ,

અમદાવાદમાં રથયાત્રા નીકળશે કે નહિ તે અંગે હજી કોઈ નિર્ણય લેવાયો નથી. પરંતુ બીજી તરફ, જગન્નાથ મંદિરમાં તૈયારીઓ શરૂ કરી દેવાઈ છે. રથયાત્રાને લઈ ભગવાનના વાઘા તૈયાર થઈ રહ્યા છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ભગવાનના વાઘા માટે કપડું ગોકુળ, મથુરાથી મંગાવવામાં આવ્યું છે. આ વાઘા પર જરદોશી, પેચ અને કુંદન વર્ક કરવામાં આવશે.

ભગવાનની પાઘડીમાં પણ વિવિધતા જોવા મળશે. મુગટ. પાઘ, રજવાડી પાઘ, મોરપીંછ પાઘ સાથે પ્રથમ વખત ભગવાન જોવા મળી શકે છે. ગુજરાતી બાંધેજ પાઘડી માટે બાંધણી ખરીદી લેવામાં આવી છે. આમ, ભગવાનના વાઘા વિવિધ રંગના જોવા મળશે. જેમાં ભગવાનને પ્રિય તેવા લાલ, લીલા, વાદળી, પીળાં, આસમાની જેવા રંગો હશે.

આ વર્ષે રથયાત્રાના દિવસે ભગવાન રજવાડી વેષ ધારણ કરશે. ભગવાન માટે ૬ જોડી વાઘા બનાવામાં આવી રહ્યા છે. જેમાં વિવિધ વર્ક જોવા મળી શકે છે. ભગવાન આ વર્ષે શેરવાની જેવા વાઘા પહેરી ભક્તોને દર્શન આપશે. તો ભગવાન અમાસના દિવસે લીલા રંગના વાઘા ધારણ કરશે. ભગવાનના વાઘા બનાવવાનું કામ અખાત્રીજના દિવસે મુહૂર્ત કરી શરૂ કરવામાં આવે છે. આ વર્ષે સુનિલભાઈની સાથે અન્ય ૭ લોકો મળી ભગવાનના વાઘા તૈયાર કરી રહ્યા છે.

ભગવાનને મામાના ઘર સરસપુરથી રથયાત્રાના દિવસે જે ભેટ સોગાદોની સાથે જે વાઘા અર્પણ કરવામાં આવશે તેને લઈને પણ તૈયારીઓ શરૂ થઈ છે. મામાના ઘરના વાઘા માટે અમદાવાદના સુરત અને વૃંદાવનથી કપડું મંગાવવામાં આવ્યું છે.

# આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૭૭, શાલિવાહન શક-૧૯૪૨, વીર સંવત-૨૫૪૭, ઈસ્લામીક સંવત-૧૪૪૨, તા.૧૮-૦૬-૨૦૨૧, શુક્રવાર, જેઠ વદ-૮, સૂર્યોદય-૫-૨૨, સૂર્યાસ્ત-૭-૨૦, જૈન નવકારશી-૮-૧૦,
આજની રાશિ : કન્યા (પ.ઠ.ણ.), નક્ષત્રઃ ઉત્તર ફાલ્ગુની

- શુભ ચોઘડીયા -

અભિજીત ૧૩-૩૯ થી ૧૩-૨૪, ૮-૪૬ થી શુભ ૧૦-૧૧ સુધી, ૧૩-૦૧ થી ચલ-લાભ-અમૃત, ૧૭-૧૬ સુધી, ૧૮-૪૨ થી લાભ-૨૦-૧૬ સુધી, ૨૧-૫૧ થી શુભ-અમૃત-૨૫-૦૧ સુધી

- શુભ હોરા-

૮-૧૮ થી ૯-૧૪ સુધી, ૧૧-૦૮થી ૧૩-૫૮ સુધી, ૧૪-૫૫થી ૧૩-૫૧ સુધી ૧૭-૪૫થી ૨૦-૪૮ સુધી

# દૈનિક રાશીફળ

**તા.૧૮.૦૬.૨૦૨૧ શુક્રવાર**

મેષ (અ.લ.ઈ.):- વિજયની ઉજવણી તમને અત્યંત આનંદ આપશે. તમારી ખુશીનો આનંદ લેવા માટે તમે આ ખુશી તમારા મિત્રો સાથે વહેંચી શકો છો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો.

વૃષભ(બ.વ.ઉ.):- તમારા સ્વાસ્થ્ય અંગે ચિંતા કરવાનું છોડો. બીમારી સામે તે શક્તિશાળી શસ્ત્ર છે. તમારો યોગ્ય અભિગમ અયોગ્ય અભિગમને પરાસ્ત કરશે. જે લોકો ઘણા સમય થી નાણાકીય મુશ્કેલી માં થી પસાર થયી રહ્યા હતા તેમને આજે ક્યાંક થી ધન પ્રાપ્ત થયી શકે છે જેથી જીવન માં ઘણી મુશ્કેલીઓ દૂર થયી જશે.

મિથુન(ક.છ.ઘ.):- તમારો માયાળુ સ્વભાવ આજે અનેક ખુશીભરી ક્ષણો લાવશે. તમારી આર્થિક સ્થિતિ સુધરશે આમ છતાં નાણાખર્ચમાં વધારો તમારી યોજનાઓને પાર પાડવામાં અંતરાયો ઊભા કરશે. તમારા માતા-પિતા સાથે તમારી ખુશી વહેંચો.

કર્ક(ડ.હ.):- તમારો મજબૂત પ્રતિકાર તથા નિર્ભયતા તમારા માનસિક સાર્મથ્યમાં જબરજસ્ત વધારો કરશે. આ ગતિને જાળવી રાખો જેથી તે તમને ગમે તે પરિસ્થિતિને અંકુશમાં રાખવા નો ઉત્સાહ પૂરો પાડશે. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે.

સિંહ(મ.ટ.):- ઑફિસમાંથી વહેલા નીકળવાનો પ્રયાસ કરજો અને તમને ખરેખર આનંદ આપતી પ્રવૃત્તિઓ કરો. આજે તમારે ફિજૂલખર્ચી કરવાથી પોતાને રોકવું જોઈએ નહીંતર જરૂરત ની સમયે તમારી પાસે પૈસા ની અછત હોઈ શકે છે. આજે પૈસા અંગે પરિવાર ના સભ્યો માં બોલાચાલી થઈ શકે છે.

કન્યા(પ.ઠ.ણ.):- તમારા આહારની યોગ્ય તકેદારી રાખવી ખાસ કરીને માઈગ્રેનના દરદીઓએ જેમણે તેમનું ભોજન મિસ ન કરવું જોઈએ કેમ કે એવું કરવાથી તેમના પર લાગણી સંબંધિત તાણ બિનજરૂરી રીતે આવી શકે છે. આજે તમારે તમારા તે સંબંધીઓ ને ઉધાર ના આપવું જોઈએ જેમને અત્યાર સુધી જૂનું ઉધાર પાછું નથી કર્યું.

તુલા(ર.ત.):- ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. આજે તમે મૂડી આસાનીથી ઊભી કરી લેશો-લેણાં નીકળતાં નાણાંની ઉઘરાણી કરો-અથવા નવા પ્રૉજેક્ટ્સ પર કામ કરવા માટે ધીરાણ માગો. તમારા જીવનસાથીની તબિયત ચિંતા કરાવી શકે છે.

વૃશ્ચિક(ન.ય.):- ખૂલ્લામાં રાખેલું ખાણું ખાતી વખતે ખાસ કરીને તકેદારી રાખવી. પણ બિનજરૂરી તાણ ન લેતા કેમ કે તેનાથી તમારા ટૅન્શનમાં ઓર વધારો થશે. આજે તમારે જમીન, રિયલ એસ્ટેટ અથવા સાંસ્કૃતિક પ્રૉજેક્ટ્સને લગતી બાબતો પર ધ્યાન આપવું જોઈએ.

ધન(ભ.ધ.ફ.ઢ.):- તમને નિર્ભેળ આનંદ તથા મોજમજા મળશે-કેમ કે તમે તમારા જીવનને સંપૂર્ણપણે માણવાનો નિશ્ચય કર્યો છે. તમને મારી સલાહ છે કે દારૂ સિગારેટ જેવી વસ્તુ પર પૈસા ખર્ચ ન કરો, આમ કરવા થી તમારું સ્વાસ્થ્ય તો બગડે જ છે, તે તમારી આર્થિક સ્થિતિ ને પણ ખરાબ કરે છે.

મકર(ખ.જ.):- તમારો ખુશમિજાજ સ્વભાવ અન્યોને ખુશ રાખશે. નાણાકીય પક્ષ મજબૂત થવા ની પુરી શક્યતા છે.જો તમે કોઈ વ્યક્તિ ને પૈસા ઉધાર આપ્યા હતા તો તે પૈસા આજે પાછા મળવા ની પુરી શક્યતા છે. તમારા બાળકના એવોર્ડ સમારંભમાં આમંત્રણ આનંદનું કારણ બની શકે છે.

કુંભ(ગ.શ.સ.):- જે લોકો માત્ર મજા કરવા માટે જ બહાર નીકળ્યા છે તેઓ માટે નિર્ભેળ ખુશી તથા મોજમજા. તમારા માતૃપક્ષ થી આજ તમને ધન લાભ થવા ની પુરી શક્યતા છે. શક્ય છે કે નાની અથવા મામા તમારી આર્થિક મદદ કરે. વિદેશમાં વસતા સંબંધી તરફથી મળેલી ભેટ તમને આનંદિત કરશે.

મીન(દ.ચ.ઝ.):- કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. આજે તમે સારૂં એવું ધન કમાશો-પણ ખર્ચમાં વધારાને કારણે બચત કરવામાં તમને મુશ્કેલી પડશે.

દાહોદ આવૃત્તિ
દાહોદ, ગરબાડા, ઝાલોદ, ફતેપુરા, લીમખેડા, દે.બારીયા, ધાનપુર
પંચમહાલ સમાચાર

# ફતેપુરા પંચાયત વિસ્તારમાં સરકારી મિલ્કતની બાજુ થયેલ દબાણો દુર કરવાના નિષ્ફળ રહેતા મામલતદારને આવેદન



દાહોદ,

દાહોદ જિલ્લાના ફતેપુરા ગ્રામ પંચાયત વિસ્તારમાં સરકારી ઓફિસોની આજુબાજુની (શેઢા પાડોશી જમીન) અને ગામતળાવની આજુબાજુની (તળાવ તથા પાળ ફરતે શેઢા પાડોશી) સરકારી જમીનોમાં થયેલા દબાણો, પુરાણો તથા બાંધકામ દુર કરાવવા અને દબાણ કરનાર કરોડપતિ તથા વગદાર એવા કસુરવારો સામે કાયદેસરની કાર્યવાહી કરવા તથા પંચાયત સદર સરકારી મીલકતો જાળવવામાં નિષ્ફળ ગયેલ હોય પંચાયતોને બરતરફ કરવા બાબતે આજરોજ ફતેપુરા તાલુકાના જાગૃત નાગરિકો દ્વારા મુખ્યમંત્રી વિજય રૂપાણીને ફતેપુરાના માલતદાર મારફતે આવેદનપત્ર રવાના કર્યું હતું.

દાહોદ જિલ્લાના ફતેપુરા નગરમાં રહેતાં મહંમદરફીક ઈદ્રીશભાઈ શેખ, દીલિપભાઈ પરસોત્તમભાઈ પ્રજાપતિ, યતિનકુમાર અશ્વિનભાઈ દેસાઈ તથા વિગેરે ફતેપુરાના ગ્રામજનો દ્વારા આજરોજ ફતેપુરાના મામલતદાર ને મુખ્યમંત્રીને સંબોધતું એક આવેદનપત્ર સુપ્રત કર્યું હતું. આ આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દાહોદ જિલ્લાના ફતેપુરા તાલુકાના ફતેપુરા ગ્રામ પંચાયતના વિસ્તારની હદમાં સરકારી કચેરીઓ જેવી કે, મામલતદાર કચેરી, તાલુકા પંચાયત કચેરી, આઈ.સી.ડી.એસ. કચેરી, એટીવીટી ઓફિસ વિગેરે સરકારી ઓફિસો જે સર્વે નંબરોમાં બનાવવામાં આવેલ છે. તેજ સર્વે નંબરની બાકીની ખુલ્લી રહેલી જમીન તથા તેની આજુબાજુ શેઢા પાડોસમાં બીજી પણ સરકારી જમીન આવેલી છે. તે સરકારી ઓફિસની પાડોશમાં આવેલી સરકારી જમીનમાં તો અધિકારીઓના નાક નીચે ગેરકાયેદસર બાંધકામ કરી આંખુ કોમ્પલેક્ષ બનાવી દેવામાં આવ્યું છે તથા તે સિવાયની ઓફિસોની પાડોશમાં આવેલ સરકારી જમીનોમાં બીજા પણ બાંધકામ કરીને તથા આ ભાગની જમીન ડુંગર હોઈ કેટલીક જગ્યાએ ખોદકામ કરીને ગેરકાદેસર રીતે કબજો કરી લઈ સરકારી મિલ્કત પચાવવાની કોશિષ કરેલ છે. આમ, ગેરકાયદે રીતે ખોદકામ તથા બાંધકામમાંથી દબાણો કરીને પચાવી પાડેલી જમીનો પરના તમામ દબાણો ખુલ્લા કરવા જરૂરી છે. તેવીજ રીતે ફતેપુરા ગામ તળાવ તરીકે ઓળખાતું લગભગ પાંચ એકર જમીનમાં એક તળાવ ફેલાયેલું છે તે તળાવની આજુબાજુ પણ કેટલાંક શેઢા પાડોશી તળાવના ભાગની જમીનને ખોટી રીતે પોતાની જમીન બતાવી તળાવની દક્ષિણ દિશામાં તથા પુર્વ દિશા તરફના ખેતર માલિકોએ તળાવમાં પુરાણ કરીને દબાણ કરેલ છે. તેજ રીતે તળાવની ઉત્તર દિશામાં પણ શેઢા પાડોશી દ્વારા તળાવની પાળની જગ્યામાં ખોદાણ કરી દબાણ ઉભું કરી સરકારી મિલ્કત પચાવવાની કોશિષ કરેલ છે. કેટલાંક લોકો દ્વારા કાયદાને ઘોળીને પી ગયાં છે અને આવા લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી લાગણી અને માંગણી સાથે ફતેપુરાના જાગૃત નાગરીકો દ્વારા ગુજરાતના મુખ્યમંત્રીને રજુઆત કરી છે.

# દે.બારીયાના ભથવાડા ટોલબુથ પાસે કારમાં લઈ જવાતો ૨.૨૧ લાખનો દારૂ ઝડપ્યો

દે.બારીયા,

દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકાના ભથવાડા ટોલનાકા પાસેથી પોલીસે એક વૈભવી ફોર વ્હીલર ગાડીમાં વિદેશી દારૂની હેરાફેરી કરતાં બે ઈસમોને ઝડપી પાડી ગાડીમાંથી કુલ રૂા.૨,૧૨,૧૬૦ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલર ગાડી મળી કુલ રૂા.૫,૧૪,૧૬૦નો મુદ્દામાલ કબજે કર્યાનું જાણવા મળે છે.

ગત તા.૧૬મી જુનના રોજ દેવગઢ બારીઆ પોલીસને મળેલ બાતમીના આધારે ભથવાડા ટોલનાકા પાસેથી વોચ ગોઠવી ઉભી હતી. આ દરમ્યાન બાતમીમાં દર્શાવેલ એક વૈભવી ફોર વ્હીલર ગાડી ત્યાંથી પસાર થતાં પોલીસે તેને ઉભી રખાવી હતી અને ગાડીમાં સવાર લાખન અભયસિંહ ખરાડે (રહે.ધાર, મધ્યપ્રદેશ) અને આનંદ રામચંદ્ર ધનાવડે (રહે. વડોદરા) બંન્નેની અટકાયત કરી પુછપરછ કરતાં પોલીસેન સંતોષકારક જવાબ મળ્યો ન હતો. પોલીસે ત્યાર બાદ તેઓની ફોર વ્હીલર ગાડીની તલાસી લેતાં પોલીસ ચોકી ઉઠી હતી. ફોર વ્હીલર ગાડીમાંથી વિદેશી દારૂની બોટલો નંગ. ૧૨૪૮ જેની કિંમત રૂા.૨,૧૨,૧૬૦ ના પ્રોહી જથ્થા સાથે ફોર વ્હીલરની ગાડી, મોબાઈલ ફોન વિગેરે મળી કુલ રૂા.૫,૧૪,૧૬૦નો મુદ્દામાલ દેવગઢ બારીઆ પોલીસે કબજે કરી ઉપરોક્ત ઝડપાયેલ બંન્ને ઈસમો વિરૂધ્ધ પ્રોહીનો ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# દાહોદ જીલ્લામાં વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત સોલર લાઈટનું વિતરણ કરાયું

દાહોદ,

ગુજરાત વન બંધુ કલ્યાણ યોજના અંતર્ગત ટ્રાયબલ જિલ્લા દાહોદમાં આજરોજ સોલર લાઈટ વિતરણ કરવામાં આવ્યાં હતાં. આ કાર્યક્રમમાં અદ્યક્ષસ્થાને માજી ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની સોલર લાઈટનું વિતરણ કરવામાં આવ્યું હતું.

દાહોદ જિલ્લો ટ્રાયબલ વિસ્તારમાં આવતો હોય છે. ગુજરાત વન બધુ કલ્યાણ યોજના અંતર્ગત આજરોજ દાહોદ જિલ્લામાં સોલર લાઈટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ૧૦૪૮ જેટલા લાભાર્થીઓને સોલ લાઈટ વન વિભાગ દ્વારા વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં માજી ધારાસભ્ય મહેશભાઈ ભુરીયાની અદયસ્થામાં સોલ લાઈટનું વિતરણ કરવામાં આવ્યું હતું. ચોમાસુ આળતું હોય ગ્રામ્ય વિસ્તારોમાં આ સોલર પાવરથી ચાલતું લાઈટ પ્રજા માટે ઉપયોગી બનશે.

# વીર નર્મદ દક્ષિણ ગુજ.યુનિ.માં ટેબ્લેટ મુદ્દે વિદ્યાર્થીઓના દેખાવોઃ પોલીસનો બળ પ્રયોગ



સુરત,

વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીમાં નમો ટેબ્લેટ યોજના અતંર્ગત વિદ્યાર્થીઓ પાસેથી ૧ હજાર રૂપિયા ઉઘરાવ્યા બાદ પણ બે વર્ષ સુધી નમો ટેબ્લેટ વિદ્યાર્થીઓને અપાયા ન હતા. જેને લઈને છાત્ર યુવા સંઘર્ષ સમિતિ દ્વારા વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સીટી ખાતે વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વિદ્યાર્થીઓઓએ અહી વિવિધ સુત્રોચાર અને બેનરો સાથે વિરોધ નોધાવ્યો હતો. યુનિવર્સિટીમાં વિરોધ કરવા આવેલા વિદ્યાર્થીઓના દેખાવો બાદ ટોળા વિખેરવા માટે પોલીસે હળવો બળ પ્રયોગ કર્યો હતો.

૧૬ માર્ચના દિવસે પણ વિદ્યાર્થીઓ દ્વારા ટેબ્લેટને લઈને વિરોધ કરવામાં આવ્યો હતો. પરંતુ ત્યારે યુનિવર્સિટીએ લેખિતમાં વિદ્યાર્થીઓને બાયંધરી આપવામાં આવી હતી કે, તમામ બાકી રહેલા વિદ્યાર્થીઓને ટેબ્લેટનું વિતરણ કરવામાં આવશે. પરંતુ હજી સુધી તેનો ઉકેલ ન આવતા આજે ફરી એક વખત કુલપતિને રજૂઆત કરવામાં આવી હતી. વિદ્યાર્થીઓને હૈયા ધરપત આપવામાં આવી કે, રાજ્ય કક્ષાએ આ પ્રશ્નની રજૂઆત કરવામાં આવશે, અને તમામ વિદ્યાર્થીઓ અને ટેબ્લેટ મળી જાય તેવી વ્યવસ્થા ઝડપથી કરવામાં આવશે. પરંતુ યુનિવર્સિટીના કુલપતિ દ્વારા વારંવાર આપવામાં આવતા વાયદાને હવે વિદ્યાર્થીઓ ગણકારી રહ્યા નથી.

# દાહોદ જીલ્લા આરોગ્ય તંત્રની બેદરકારી મૃત વ્યકિતને વેકસીનનો મેસેજ આવ્યો

દાહોદ,

દાહોદ જિલ્લામાં આજે ફરીવાર આરોગ્ય તંત્રની ઘોર બેદરકારી સામે આવી છે. આજે ફરીવાર એક મૃત વ્યકિતને વેક્સિનેશન અપાઈ ગઈ હોવાનો મેસેજ આવતાં મૃત વ્યક્તિના સ્વજનોમાં આશ્ચર્ય સાથે આરોગ્ય તંત્રની કામગીરી પર અનેક સવાલો ઉભા થવા પામ્યાં છે.

દાહોદ જિલ્લામાં અગાઉ મૃત પામેલ વ્યક્તિઓને કોરોના વેકિસનેશન થઈ ગયું હોવાનું તેમજ કોરોનાનો પહેલો અને બીજો ડોઝ ન લીધો હોવા છતાં વેક્સિનેશન સક્સેસફુલ થઈ ગયું હોવાનો મેસેજ આવ્યાં હતાં. આજે ફરીવાર આવોજ એક કિસ્સો સામે આવ્યો છે. દાહોદ જિલ્લાના દેવગઢ બારીઆ તાલુકા સાલીયા, ગુણા ગામે રહેતાં મૃત વ્યક્તિને કોરોનાની રસી આપ્યો સ્વજન પર મેસેજ આવ્યો હતો. જાણવા મળ્યાં અનુસાર, વ્યક્તિના ફાઘરે વેક્સિનેશનનો બીજો ડોઝ લીધો ન હોવા છતાં પણ વેક્સિનેશ લીધાનો મેસેજ આવ્યો હતો. આ કિસ્સાને પગલે ફરીવાર દાહોદ જિલ્લાનું આરોગ્ય તંત્ર ચર્ચાનો વિષય બન્યો છે. ભુતકાળમાં પણ આવા અનેક કિસ્સાઓ સામે આવ્યાં છે ત્યારે આરોગ્ય તંત્ર દ્વારા વેક્સિનેશનનો ટાર્ગેટ પુરો કરવા ઘમપછાડાઓમાં આ ગોટાળા થતાં હોવાની ચર્ચાઓએ પણ ભારે જોર પકડ્યું છે.

# અમદાવાદમાં PI સહિત ત્રણ લોકો સામે ૩૦ લાખ રૂપિયાની છેતરપિંડીનો ગુનો દાખલ

અમદાવાદ,

સામાન્ય રીતે છેતરપિંડી કે આર્થિક ગુનાની તપાસ પોલીસ ઈન્સપેક્ટર કરતા હોય છે. પરંતુ શહેરના આનંદનગર પોલીસ મથકમાં ફરજ બજાવતા એક પોલીસ ઈન્સપેક્ટર, તેના પુત્ર અને એક વેપારી વિરુદ્ધ રૂપિયા ૩૦ લાખની છેતરપિંડીની ફરિયાદ નોંધાઈ છે. જેમાં પોલીસ પુત્રએ બંધ બેક અકાઉન્ટ નો ચેક પણ આપ્યો હોવાનુ સામે આવ્યું છે. બીજી તરફ પોલીસ અધિકારીએ ફરિયાદી અને તેના ભાઈને દબાવવા માટે ખોટી અરજી ફરિયાદો કરી હોવાનું પણ સામે આવ્યું છે. મળતી માહિતી પ્રમાણે ભાવનગરના વેપારી સાથે પેટ્રોલપંપમાં ભાગીદારી કરવાના બહાને છેતરપિંડી કરવામાં આવી છે. ફરિયાદી સુરેશભાઈ ચૌહાણ ભાવનગરમા ઓઈલ અને ડીઝલના ટ્રેડિંગનુ કામ કરે છે. તેમના મિત્ર દ્વારા તેમનો પરિચય પોલીસ ઈન્સપેક્ટર દિગ્વિજયસિંહ ઝાલા અને તેના પુત્ર પ્રતિકરાજ ઝાલા સાથે થયો હતો. બાદમાં અન્ય એક વેપારી ઉત્તમ શેઠ સાથે મિત્રતા બંધાઈ હતી. પોલીસ પુત્રએ વેરાવળમાં પેટ્રોલપંપ ચાલુ કરવા માટે ફરિયાદીને રોકાણ કરવા અને ભાગીદાર બનાવવા માટે રૂપિયા ૩૦ લાખ મેળવ્યા હતા. જે પરત ન આપી તેમની સાથે છેતરપિંડી કરી હતી. ઉપરાંત ફરિયાદીને આરોપી પ્રતિકરાજે બંધ થઈ ગયેલા બેંક અકાઉન્ટનો ચેક આપ્યો હતો. આ અંગે ફરિયાદ નોંધાતા પોલીસે આરોપીની ધરપકડ માટે કાર્યવાહી હાથ ધરી છે.

પોલીસ ઈન્સપેક્ટર અને તેના પુત્ર દ્વારા છેતરપિંડી આચરવાની સાથે ફરિયાદીને રુપિયા પરત ન આપવા માટે કેટલાય વલખા માર્યા હતા. જેમાં ફરિયાદી અને તેના ભાઈ પર ચેક ચોરીની ફરિયાદ અને અરજીઓ પણ કરવામાં આવી.

# દાહોદ જીલ્લામાં કોંગ્રેસ સમિતિ પેટ્રોલ-ડિઝલના ભાવ વધારાના વિરોધમાં આવેદન આપ્યું




તસ્વીર : વિનોદ પંચાલ, દાહોદ

દાહોદ,

દેશભરમાં પેટ્રોલ અને ડીઝલના ભાવમાં ઘરખમ વધારો નોંધાઈ રહ્યો છે. ત્યારે આજરોજ દાહોદ મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા પેટ્રોલ, ડીઝલ સહિત મોંઘવારીના વિરોધમાં દાહોદ શહેરના બાબા સાહેબ આંબેડકર ચોક ખાતે વિરોધ પ્રદર્શન કાર્યક્રમ યોજયો હતો. જ્યાંથી દાહોદના પ્રાંત અધિકારીને આ વિરોધ સંદર્ભે આવેદનપત્ર પણ સુપ્રત કરવામાં આવ્યું હતું.

સમગ્ર દેશમાં હાલ અસહ્ય મોંઘવારીએ માઝા મુકી છે. પેટ્રોલ, ડીઝલ, ખાદ્ય તેલ, રાંધણ ગેસ, ખાતર, જીવન જરૂરી તમામ ચીજ વસ્તુઓના ભાવ હાલ આસમાને છે. એક તરફ કોરોના મહામારી ત્યારે બીજી તરફ વધતી મોંઘવારીને કારણે લોકો ત્રાહિમામ પોકારી ઉઠ્યાં છે. દેશભરમાં હાલ વિરોધ પક્ષ દ્વારા આ મામલે ભારે વિરોધ પણ નોંધાવી રહ્યાં છે. ત્યારે દાહોદ શહેરમાં આ મુદ્દે પણ વિરોધ વંટોળ થવા માંડ્યો છે. દાહોદ મહિલા કોંગ્રેસ સમિતિ દ્વારા આજરોજ દાહોદ શહેરના બાબા સાહેબ આંબેડકર ચોક ખાતે મહિલાઓ ભેગી થઈ હતી. જ્યાં સરકાર વિરોધી ભારે સુત્રોચ્ચાર પણ કર્યાં હતાં જ્યાંથી મહિલાઓ દાહોદ પ્રાંત અધિકારી કચેરીએ પહોંચી હતી અને ત્યાં પ્રાંત અધિકારીને આ મુદ્દે આવેદનપત્ર પણ આપ્યું હતું. આવેદનપત્રમાં જણાવ્યાં અનુસાર, દેશમાં રાજ્ય અને કેન્દ્ર સરકારના અડઘડ વહીવટ અને સંકલનના અભાવ અને ખોટી નીતી રીતઓને કારણે પેટ્રોલ, ડીઝલ, ખાતર, ખાદ્ય તેલ ગેસની બોટલ, જીવન જરૂરીયાતની વસ્તુઓનો અસહ્ય ભાવ વદારો થઈ રહ્યો છે. કોરોનાની મહામારીની વચ્ચે પણ આ ભાવ વધારો ગરીબ અને મદ્યમ વર્ગના પરિવારોની કમર તોડી નાંખેલ છે. કોરોનાની બીજી લહેરમાં લોકો આર્થિક સંકળામણ પણ અનુભવી રહ્યાં છે.

# દાહોદ જીલ્લામાં એક સપ્તાહ બાદ ૧ કોરોના પોઝીટીવ કેસ નોંધાયો

દાહોદ,

દાહોદ જિલ્લામાં છેલ્લા ચાર – પાંચ દિવસથી શુન્ય કોરોનાના નોંધાતાં હતા. ત્યારે આજે માત્ર ૦૧ કોરોના પોઝીટીવ કિસ સામે આવ્યો છે.

આર.ટી.પી.સી.આર. અને રેપીટ ટેસ્ટના કુલ ૧૭૧૫ પૈકી ૦૧ કોરોના પોઝીટીવ કેસ દાહોદ જિલ્લામાંથી સામે આવ્યો છે. આ ૦૧ કેસ દાહોદ અર્બનમાંથી નોંધાયો છે. બાકીના શહેરી વિસ્તારો અને તાલુકાઓમાંથી એક પણ કેસ સામે આવ્યો નથી. આજે વધુ ૦૩ દર્દીઓ કોરોનાથી સાજા થતાં તેઓને હોસ્પિટલમાંથી રજા આપવામાં આવી હતી. એક્ટીવ કેસોની સંખ્યા માત્ર ૦૭ રહેવા પામી છે. ત્યારે દાહોદ જિલ્લામાં કોરોનાનો કુલ આંકડો ૭૧૧૨ને પાર થઈ ગયો છે.

# વિકેશભાઈ ભૂરિયા જણાવે છે કે ૧૮ વર્ષથી ઉપરના તમામ યુવાનોએ સત્વરે વેક્સિન લઈ લેવી જોઈએ



દાહોદ,

દાહોદ જિલ્લાના યુવાનો વેકિસનેશન અભિયાનમાં ઉત્સાહપૂર્વક જોડાઈ રહ્યાં છે અને કોરોના સામે રક્ષણ આપતી વેકિસન લેવા અન્યોને પણ પ્રેરણા આપી રહ્યાં છે. અત્રે દાહોદ નગર ખાતે યોજાયેલા વેક્સિનેશન કેમ્પ ખાતે રસી લેવા આવેલા ભૂરિયા વિકેશભાઈ સમરીયાભાઈની ૨૨ વર્ષની ઉંમર છે. તેઓ વેક્સિન બાબતે હાલમાં ચાલી રહેલી અફવાઓનું ખંડન કરે છે અને સત્વરે વેક્સિન લઈ લેવા સૌ યુવાનોને જણાવે છે.

વિકેશભાઈ ભૂરિયા જણાવે છે કે, મેં અહીંના વેકિસનેશન કેમ્પમાં આજે કોરોનાની વેક્સિન લીધી છે. આ વેક્સિનની કોઈ આડઅસર નથી. વેકિસન બાબતે ઘણી ખોટી અફવાઓ પણ જિલ્લામાં ચાલી રહી છે. આ બધી અફવાઓ ખોટી છે. તેનાથી ગેરમાર્ગે ન દોરાવું. સૌ યુવાનો જેમની ઉંમર ૧૮ વર્ષની થઈ ગઈ હોય તેઓ સત્વરે વેક્સિન લઈ લે. રાજય સરકાર દ્વારા હાલમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને નિઃશુલ્ક રસી આપવામાં આવી રહી છે. તેનો સૌ યુવાનોએ અવશ્ય લાભ લેવો જોઈએ અને કોરોનાથી પોતાને સુરક્ષિત કરવા જોઈએ.

# દાહોદ જીલ્લામાં ચૂંટણી પૂર્વ આગામી કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવી

દાહોદ,

આજ રોજ ૧૨૯ ફતેપુરા વિધાનસભામાં સમાવિષ્ટ સંજેલી ખાતે દાહોદ જિલ્લા ભાજપના પ્રભારી રાજેશભાઈ પાઠકને અદયક્ષથાને આગામી કાર્યક્રમોની અનુલક્ષીને ભાગરૂપે હોદ્દેદારો સાથે મિટિંગ યોજી આગામી કાર્યક્રમોની રૂપરેખા તૈયાર કરવામાં આવી હતી. આગામી કાર્યક્રમોની તૈયારીના ભાગરૂપે મહત્વની બેઠક યોજાઈ હતી. જેમાં આગામી યોજાનાર કાર્યક્રમો વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આગામી યોજાનાર કાર્યક્રમોની રણનીતિ ઘડવામાં આવી હતી.

બેઠકમાં દાહોદ જિલ્લા ભાજપા પ્રભારી રાજેશભાઈ પાઠક ભાજપા જિલ્લા પ્રમુખ શંકરભાઈ અમલિયાર સંજેલી ભાજપા પાર્ટી પ્રમુખ જશુભાઈ બામણિયા ધારાસભ્ય રમેશભાઈ કટારા, તાલુકા ભાજપાના હોદ્દેદારો, કાર્યકર્તાઓ, મહત્વની બેઠકમાં જોડાયા હતા.

# NCC કેડેટ કાર્તિક સોલંકી જણાવે છે કે વેક્સિનની કોઈ આડઅસર નથી, સૌ યુવાનો વેક્સિનેશન અભિયાનમાં જોડાય



દાહોદ,

લાખો લોકોએ કોરોનાની રસી લીધી છે અને તેમના અનુભવથી સપષ્ટ થયું છે કે વેક્સિન એ કોરોના સામે અચૂક ઉપાય છે. જે વ્યક્તિએ વેક્સિન લીધી હોય તેને કોરોના થવાની શકયતા નહિવત થઈ જાય છે અને કોરોના થઈ પણ જાય તો આ રોગની ગંભીર સ્થિતિનો સામનો કરવાનો વારો આવતો નથી. મોટે ભાગે હોમ કવોરન્ટાઈન રહીને જ કોરોનામુક્ત થઈ જવાય છે. રાજય સરકાર દ્વારા કોરોના સામે વ્યાપક રસીકરણ અભિયાન ચાલી રહ્યું છે અને હાલમાં ૧૮ વર્ષથી ઉપરના તમામ લોકોને વેક્સિન આપવામાં આવી રહી છે. ત્યારે સૌ કોઈ એ વેક્સિન લઈ લેવી જોઈએ આવો જ સંદેશ એનસીસીમાં જોડાયેલા યુવાન કાર્તિક સોલંકી આપે છે.

અત્રેના દાહોદ નગરમાં યોજાયેલા વેકિસનેશન કેમ્પમાં એનસીસી કેડેટ યુવાનોએ મોટી સંખ્યામાં ભાગ લઈ વેકિસન લીધી હતી. કાર્તિક સોલંકી પોતાનો અનુભવ જણાવતા કહે છે કે, હું નવજીવન આર્ટસ એન્ડ કોમર્સ કોલેજમાં અભ્યાસ કરૂં છું. આજના વેકિસનેશન કેમ્પમાં અમે ૭૦ થી પણ વધુ એનસીસી કેડેટસે વેકિસન લીધી છે. અમારામાંથી કોઈને પણ કોઈ આડઅસર થઈ નથી અને અમે સૌએ વેક્સિન લીધા બાદ કહી શકીએ છીએ કે વેક્સિન અંગેની જે અફવાઓ ચાલી રહી છે તે સૌ કોઈ ખોટી છે. સૌ યુવાનો જેમની ઉંમર ૧૮ વર્ષથી વધુની છે એ સૌએ તુરત વેક્સિન લઈ કોરોના સામે સુરક્ષિત થઈ જવું જોઈએ.

# દાહોદ નહેરૂબાગ નજીક આવેલ પેટ્રોલ પંપમાં પેટ્રોલ ઓછું આપતા બુમને લઈ પ્રમાણીત કરતા બધુ બરાબર નિકળ્યું

દાહોદ,

દાહોદ શહેરના નેહરૂબાગ સામે આવેલ એક પેટ્રોલ પંપ ઉપર પેટ્રોલ ઓછુ અપાતું હોવાની એલ.સી.બી.ને મળેલ ફરિયાદને પગલે એલ.સી.બી. સ્ટાફ સહિત મામલતદાર સ્ટાફ પેટ્રોલ પંપ મુકામે ડમી ગ્રાહક બની પહોંચી ગઈ હતી અને ગાડીમાં ૧૮ લીટર પેટ્રોલ નંખાવી સરકારી પ્રમાણીત તોલમાપ કરતાં જ્યાં તપાસમાં નિયત પ્રમાણે પેટ્રોલ બરાબર હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

દાહોદ શહેરના સ્ટેશન રોડ ખાતે નહેરૂબાગની સામે આવેલ અમીનભાઈ દાદુભાઈ એન્ડ સન્સ નામક પેટ્રોલ પંપ પર ગતરોજ દાહોદ એલ.સી.બી. પોલીસ અને મામલતદારની ટીમ ધામા નાંખ્યા હતાં. ડમી ગ્રાહક બની પોલીસે પોતાની મોટરસાઈકલમાં ૧૮ લીટર પેટ્રોલ નંખાવ્યું હતું ત્યાર બાદ પોલીસે પોતાની ઓળખ આપી અને સ્થળ પર મામલતદારની ટીમ પણ પહોંચી જઈ પેટ્રોલ પુરેપુરી છે કે, નહીં તે માટે સરકારી તોલમાપ વિભાગના અધિકારીઓને વેરીફેકેશન કરતાં પેટ્રોલ પુરેપુરૂં બહાર હોવાનું તપાસમાં બહાર આવ્યું હતું.

# ઝાલોદ તાલુકા માંથી બાઈક ચોરોનો તરખાટ ત્રણ બાઈકોની ચોરી કરાઈ

દાહોદ,

દાહોદ જિલ્લાના ઝાલોદ તાલુકામાંથી મોટરસાઈકલ ચોર ટોળકીએ પોતાનો કસબ અજમાવી એકસાથે ત્રણ મોટરસાઈકલોની ઉઠાંતરી કરી જતાં પંથકમાં ચકચાર મચી જવા પામી છે.

મોટરસાઈકલ ચોરીનો પ્રથમ બનાવ ઝાલોદના મુવાડા રામજી મંદિર ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૨૩મી મેના રોજ ઝાલોદ તાલુકાના દેવજીની સરસવાણી ગામે પટેલ ફળિયામાં રહેતાં નિલેશભાઈ બાબુભાઈ વસૈયા મુવાડા ગામે આવ્યાં હતાં અને ત્યાંજ પોતાની મોટરસાઈકલ લોક મારી પાર્ક કરી હતી. આ મોટરસાઈકલને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે નિલેશભાઈ બાબુભાઈ વસૈયાએ ઝાલોદ પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

મોટરસાઈકલ ચોરીનો બીજો બનાવ ઝાલોદ તાલુકાના લીમડી નગરના ડબગરવાસ ખાતે બનવા પામ્યો હતો. જેમાં ગત તા.૧૫મી જુનના રોજ આજ વિસ્તારમાં રહેતાં હુસૈનભાઈ રસુલભાઈ ભાટીયારા અને કસુભાઈ દલાભાઈ મહીડાએ પોતપોતાની મોટરસાઈકલ આજ વિસ્તારમાં લોક મારી પાર્ક કરી હતી. આ બંન્ને મોટરસાઈકલોને કોઈ અજાણ્યા ચોર ઈસમોએ પોતાનો કસબ અજમાવી મોટરસાઈકલનું લોક તોડી ચોરી કરી લઈ નાસી જતાં આ સંબંધે હુસૈનભાઈ રસુલભાઈ ભાટીયારાએ લીમડી પોલીસ મથકે ફરિયાદ નોંધાવતાં પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

Published by Karan Ajaykumar Panchal for the owner Panchmahal Samachar From Bandibarno Khancho, Talav Road, Godhra & Printed by him at Panchmahal Press, Modini Vadi No-1, Station Road, Godhra-389 001 (Gujarat) Phone. 02672 - 243351 Website : www. panchmahalsamachar.com Editor : Karan Ajaykumar Panchal -Responsible for selection of news under PRB Act. Vol. 24, No. 252

# કાલોલ તાલુકામાં ખનિજ માફિયા વધુ સક્રિય થયા

- કાલોલના ઘોડા ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરતાં ૭ વાહનોને ઝડપી લેવાયા.
- કાલોલના ઘુસર વિસ્તારમાં રેતી ખનન બંધ થતાં બીજા ગામો તરફ વળ્યા.
- ખનિજ માફિયાઓ કંડાચ, રામનાથ, ઘોડા જેવા ગામોમાં રેતી ખનન માટે ધામા નાખ્યા.



કાલોલ,

કાલોલ તાલુકાના ગોમામાં રેતી ખનન અને માટીનું ખનન કરતાં ખનિજ માફિયાઓનો આતંક વધતો જાય છે. ખાણ-ખનિજ વિભાગ એક સ્થળે કાર્યવાહી કરીને રેતી ખનનને રોકવામાં સફળ થયા છે. ત્યાં ખનિજ માફિયાઓ અન્ય ગામોમાં પોતાના **ડેરા તંબુ** જાણતા હોય છે. કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરતા તત્વોની વાહનો જપ્ત કરવામાં આવ્યા હતા અને રેતી ખનન ઉપર કાયની રોક લગાડવા માટે પોલીસનો પહેરો ખાણ-ખનિજ વિભાગના સ્ટાફના સાથે રાખી લગાડવામાં આવ્યો હતો. ઘુસર, ચલાલી, કરોલી પંથક માંથી ગોમ નદી માંથી રેતી ખનન બંધ થતાં ખનિજ માફિયાઓ અન્ય ગામોમાં પહોંચ્યા છે. કાલોલના ઘોડા ગામે ગોમા નદીના પટ માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતા તત્વોને ઝડપી પાડવા માટે કાલોલ પોલીસ અને ખાણ-ખનિજ વિભાગે રેડ કરી હતી. રેડ દરમ્યાન ટ્રેકટર, ટ્રક, જેસીબી અને પ્રાઈવેટ ગાડી મળી ૭ વાહનો મળી ૫૫ લાખનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો છે. ઘોડા ગામે રેતી ખનન કરતાં તત્વોના વાહનો ઝડપાઈ જતા હવે ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

કાલોલ તાલુકા ગામોમાં ખનિજ માફિયાઓ માટે ગોમા નદી સ્વર્ગ સમાન છે. ગોમા નદી પટ વિસ્તારના ગામો માંથી ગેરકાયદેસર રીતે રેતી ખનન કરવાનો તેમનો ધંધો બની ગયો છે. કાલોલ તાલુકાના ખનિજ માફિયાઓ ખનિજ ચોરી કરવા માટે કોઈ પણ હદ સુધી જતા હોય છે. કાલોલ તાલુકાના ચલાલી, કરોલી, સુરેલી, ઘુસર જેવા ગામો માંથી ગેરકાયદેસર રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ દ્વારા અનેક વખત ખાણ-ખનિજ વિભાગના કર્મચારી અને અધિકારીઓ ઉપર હુમલાના બનાવો પણ બની ચુકયા છે. અવાર-નવાર રેતી ખનન કરતા વાહનો ખાણ-ખનિજ વિભાગ દ્વારા ઝડપી લેવામાં આવતા હતા. તેને લઈ ખનિજ માફિયાઓ આધુનિક ટેકનીકનો ઉપયોગ કરતા થયા હતા. ગોધરા ખાણ-ખનિજ વિભાગની ટીમ કચેરી માંથી નિકળે અને કયા વિસ્તારમાં રેઈ કરવાની છે. તેની અગાઉ થી જાણકારી મેળવતા થયા હતા. જેને લઈ ખાણ-ખનિજ વિભાગ રેડ કરે તે પહેલા ખનિજ માફિયાઓ વાહનો સાથે નાશી છુટતા હતા. થોડા સમય પહેલા કાલોલ તાલુકાના ઘુસર ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર રેતી ખનનની રજુઆત જીલ્લા કલેકટરને કરાઈ હતી. જીલ્લા કલેકટર દ્વારા જીલ્લા પોલીસવડા અને ખાણ-ખનિજ વિભાગને સાથે રાખીને ૧૪ જેટલા વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા સાથે ઘુસર ગામે ગોમા નદી માંથી રેતી ખનનને કાયમી રોકવા માટે પોલીસની ચોકી પહેરો ખાણ-ખનિજ વિભાગની ટીમ સાથે ગોઠવવામાં આવ્યો હતો.

કાલોલ તાલુકામાં ગેરકાયદેસર ગોમા નદી માંથી રેતી ખનન કરતાં ખનિજ માફિયાઓ માટે ઘુસર ગોમા નદી માંથી રેતી ખનન કરવાનું બંધ થયું હતું. જેને લઈ અન્ય ગામો તરફ વળ્યા છે. ગઈકાલે કાલોલ તાલુકાના રામનાથ, કંડાચ વિસ્તારમાં રેતી ખનન કરતા હોવાનું ખુલવા પામ્યું છે. આજરોજ કાલોલ પોલીસ અને ખાણ-ખનિજ વિભાગ દ્વારા ઘોડા ગામે ગોમા નદી માંથી ગેરકાયદેસર થતા રેતી ખનનને ઝડપી પાડવા માટે રેડ કરાઈ હતી. રેડ દરમ્યાન ઘોડા ગામેથી ગોમા નદીના પટ માંથી ૪ ટ્રેકટર, ૧ ટ્રક, ૧ જેસીબી, ૧ પ્રાઈવેટ ગાડી મળી ૫૫ લાખ રૂપીયાના મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યા હતા. કાલોલ તાલુકાના ઘોડા ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરતા ૭ જેટલા વાહનોને પોલીસ અને ખાણ-ખનિજ વિભાગે ઝડપી પાડવામા આવ્યો છે. જેને લઈ ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

> કાલોલ તાલુકામાં ખનિજ માફિયાઓ દ્વારા ખનિજ ચોરી વધતા ખાણ-ખનિજ વિભાગ સાથે જીલ્લા વહીવટી તંત્ર અને પોલીસ તંત્ર પણ આવા ગેરકાયદેસરના ખનિજ ખનન રોકવામાં સર્તક બન્યું છે. થોડા દિવસો પહેલા જીલ્લા કલેકટર અને જીલ્લા પોલીસવડા તેમજ ખાણ-ખનિજ વિભાગ સંયુકત કાર્યવાહી કરી હતી અને ઘુસર ગામે ગોમા નદી માંથી રેતી ખનન કરતા ૧૬ જેટલા વાહનો ઝડપી પાડવામાં આવ્યા હતા અને ઘુસર ગામે પોલીસ ચોકી ઉભી કરી દેતાં ખનિજ માફિયાઓ ગોમા નદી પર વિસ્તારના અન્ય ગામોમાં ડેરા નાખ્યા છે. તેમાં કડાચ, રામનાથ અને ઘોડા ગામેથી રેતી ખનન કરવાનું શરૂ કર્યું છે. ખાણ-ખનિજ વિભાગે કાર્યવાહી કરી ૭ વાહનો ઝડપી પાડવામાં આવતાં ખનિજ માફિયાઓમાં ફફડાટ વ્યાપ્યો છે.

# અભ્યારણમાં દીપડા, ઝરખ, ચોસિંગા અને જંગલી બિલાડીઓની સંખ્યા બમણી થઈ



ગોધરા,

કોરોના મહામારીને કારણે થયેલા લોકડાઉનના લીધે જંગલોમાં માનવ દખલ ઓછી થતા છેલ્લા એક વર્ષમાં મધ્ય ગુજરાતના જાંબુઘોડા અને રતનમહાલ અભ્યારણોની ત્રણેય રેન્જમાં ઝરખ, ચોસિંગા, જંગલી બિલાડી, નીલગાય, સસલાની સંખ્યામાં બમણો વધારો થયો છે.

વન વિભાગ વડોદરા દ્વારા તા. ૨૯ અને ૩૦ મેના રોજ જાંબુઘોડા અને રતનમહાલના જંગલોમાં વન્યપ્રાણીઓની ગણતરી હાથ ધરવામાં આવી હતી. જેમાં ગત વર્ષે જાંબુઘોડામાં ઝરખની સંખ્યા-૩૮, શિવરાજપુરમાં-૧૧ અને કંજેટામાં - ૩૮ સાથે કુલ ૮૭ નોંધાઈ હતી. જ્યારે આ વર્ષે જાંબુઘોડામાં-૫૪, શિવરાજપુરમાં-૨૭ અને કંજેટામાં-૪૨ સાથે કુલ ૧૨૩ થઈ છે. વર્ષ ૨૦૧૯ માં તો તેની સંખ્યા માત્ર ૭૭ જ હતી.

જંગલી બિલાડીની સંખ્યા ૩૪ માંથી ૪૦, લોકડી-૮ માંથી ૧૭, ચોસિંગા-૪૬ માંથી ૮૦, જંગલી ભૂંડ-૩૧૭ માંથી ૯૯૧ , વાંદરા-૧૩૫ માંથી ૭૨૧, સસલા- ૨૮ માંથી ૩૪૮, દીપડાની- ૮૧ માંથી ૮૮ અને નીલગાયની સંખ્યા ૬૦ માંથી ૩૪૯ નોંધાઈ છે . જો કે રીંછની સંખ્યામાં થોડોઘણો ઘટાડો જોવા મળ્યો હતો. ગત વર્ષે રીંછની વસતી ૮૬ હતી. જ્યારે આ વર્ષે ૮૨ નોંધાઈ છે. હાલ સૌથી વધારે રીંછ કંજેટાના જંગલોમાં જોવા મળી રહ્યા છે. વન વિભાગના અધિકારીએ કહ્યું કે સતત બીજા વર્ષે પટ્ટાવાળા ઝરખની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે. જે નોંધનીય છે કારણકે મૃત પ્રાણીભક્ષી આ વન્યજીવ છેલ્લા ઘણા સમયથી જોખમ હેઠળની શ્રેણીમાં આવી ગયું છે. ઝરખ મજબૂત જડબા ધરાવતું હોવાથી ગમે તેવા મજબૂત અને જાડા હાડકાને ચાવી શકે છે. તે ક્યારેય જાતે શિકાર કરતું નથી. અન્ય પ્રાણીઓ દ્વારા શિકાર કરેલ ખોરાક તે ખાય છે. ઝરખ વધુ આક્રમક સ્વભાવ ધરાવતું હોવાથી જ્યારે તેની અને દીપડા વચ્ચે લડાઈ થાય ત્યારે દીપડાએ જ પીછેહઠ કરવી પડે છે.

# અમદાવાદ-ઈન્દોર હાઈવે વાવડી ટોલ બુથ પાસે ટ્રકને આગ લાગી : ટોલબુથ ઓથોરીટી દ્વારા ફાયર સેફટી જેવી સુવિધા અપાવવામાં નિષ્ફળ



ગોધરા,

અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર વાવડ ખુર્દ ટોલ નાકા નજીક હાઈવે રોડ ઉપર પલ્ટી ગયેલ હતી. જેને લઈ ટ્રકમાં આગ લાગી હતી. ટોલ બુથ નજીક હાઈવે રોડ આગની ઘટનાને બની હોવા છતાં ફાયર હાઈવે રોડ ટોલ બુથ ઓથોરીટી દ્વારા કોઈ અન્ય વાહન ભોગ ન બને તેની તકેદારી રાખવામાં નિષ્ફળ જોવા મળી હતી.

અમદાવાદ-ઈન્દોર હાઈવે રોડ ઉપર વાવડી ખુર્દ ટોલ બુથ થી થોડા કિલો મીટરના અંતરે ટ્રક પલ્ટી જવા પામી હતી. માટી ભરેલ ટ્રક પલ્ટી જતાં ટ્રકમાં આગ લાગી હતી. ટોલ બુથ નજીક હાઈવે રોડ ઉપર ટ્રક પલ્ટી જવાની ઘટના અને ટ્રકમાં આગ લાગવાની બનાવને લઈ ટોલ બુથ ઓથોરીટી દ્વારા વાહનની ફરતે આડસ મુકવાની તસ્તી લેવામાં આવી ન હતી કે ટ્રકમાં આગ લાગી હોવા છતાં ફાયર ફાયટરની વ્યવસ્થા પણ કરવામાં આવી ન હતી. અમદાવાદ-ઈન્દોર હાઈવે ઉપર હજારો વાહનોની અવર-જવર રહેતી હોય ત્યારે બીજા વાહનો સળગતા વાહનની ઝપટમાં આવી શકે છે. તેમ છતાં અમદાવાદ-ઈન્દોર હાઈવેના વાવડી ખુર્દ ટોલ બુથ ઓથોરીટી દ્વારા કોઈ સગવડ નહી ગોઠવવામાં આવી હતી. ટોલ બુથ ઉપર વાહનો પસાર થતાં તગડી ફી વસુલવામાં આવતી હોય ત્યારે ટોલ બુથ નજીક પલ્ટી જવાની ઘટનામાં ફાયર ફાયટર કે ટ્રકની ફરતે આડસ મુકાવવામાં પણ નિષ્કાળજી રાખવામાં આવી.

# પંચમહાલ જિલ્લામાં રસીકરણ અભિયાન અત્યાર સુધી કુલ ૩.૬૩ લાખથી વધુ લોકોને રસી અપાઈ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં કોરોના સંક્રમણ સામે લોકોને સુરક્ષિત કરવા શરૂ કરાયેલ રસીકરણ અભિયાન અંતર્ગત અત્યાર સુધી કુલ ૩.૬૩ લાખથી વધુ લોકોને આવરી લેવામાં આવ્યા છે. જેમાં ગોધરા તાલુકામાં ૮૮,૫૯૫, કાલોલ તાલુકામાં ૫૩,૮૩૩, હાલોલ તાલુકામાં ૫૧,૬૧૭, શહેરા તાલુકામાં ૬૧,૭૨૬, મોરવા હડફ તાલુકામાં ૪૬,૬૪૮, ઘોઘંબા તાલુકામાં ૫૦,૩૨૯ અને જાંબુઘોડા તાલુકામાં ૧૦,૭૯૫ લોકોને રસીનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. જ્યારે જિલ્લાના કુલ ૧,૪૬,૪૯૧ લાભાર્થીઓને રસીનો બીજો ડોઝ પણ આપી દેવામાં આવ્યો છે. ઉંમર પ્રમાણે જોઈએ તો ૧૮-૪૪ વર્ષના વર્ગમાં ૪૯,૮૦૧ને વેક્સિનનો પ્રથમ ડોઝ આપી દેવાયો છે. ૪૫-૫૯ના વયજૂથમાં ૧,૫૮,૦૫૦ વ્યક્તિઓને પ્રથમ અને ૬૦,૫૦૮ વ્યકિતઓને બીજો ડોઝ પણ આપવામાં આવ્યો છે. જ્યારે ૬૦થી વધુ વયજૂથમાં ૧,૨૫,૬૦૨ને પ્રથમ ડોઝ અને ૬૨,૨૫૧ વ્યક્તિઓને બીજો ડોઝ આપી સુરક્ષિત કરવામાં આવ્યા છે. ૯૪૮૮ હેલ્થકેર વર્કરો, રેવન્યુ-પોલિસ, નગરપાલિકા જેવા ફ્રન્ટલાઈન વર્કરોની શ્રેણીમાં આવતા ૧૪,૮૮૬ વર્કરોને પણ રસીકરણ હેઠળ આવરી લેવામાં આવ્યા છે. હાલમાં, જિલ્લામાં ૨૫ સેશન સાઈટ પર વેક્સિનેશનની કામગીરી પૂરજોશમાં ચાલી રહી છે.

> ## ૧૮-૪૪ વયજૂથમાં ૪૯,૮૦૧ને વેક્સિન અપાઈ

# કાલોલમાં કોન્ટ્રાક્ટની બેદરકારી : ખોદકામ કરેલ ખાડામાં એકટીવા ચાલક ખાબકયો




તસ્વીર : જયવીર સોલંકી, કાલોલ

કાલોલ,

કાલોલ નગરમાં રોડનાં કામોની સાથે સાથે નગરનાં કેટલાંક વોર્ડના વિસ્તારમાં વરસાદી પાણીના નિકાલ માટે ભુંગરા દબાવી ભુગર્ભ કામગીરી ચાલી રહી છે. પરંતુ આવી કામગીરી ઓ સામે કાલોલ નગર પાલિકાના બેદરકારી ધરાવતા વહીવટી તંત્ર અને નિષ્કાળજી ધરાવતા કોન્ટ્રાકટરોની લાપરવાહીઓનાં કારણે નગરજનોની છે. પરીસ્થિતી જોખમકારક બની જાય છે. કાલોલ નગરપાલિકાની ૧૪ મા નાણાં પંચની સ્ટેમ બોટમ લાઈન નું ૬૭ લાખની કામગીરી રાજેષી કંન્ટક્સનને શીરે જતાં કોન્ટ્રાક્ટરે કામતો શરૂ કરી દીધા. પરંતુ કમાણી કરવા બેઠેલા કોન્ટ્રાક્ટ જે વિસ્તારમાં કામગીરી શરૂ કરવામાં આવી હોય તેવા વિસ્તારોમાં નાતો કોઈ ડ્રાઈઝન કે રસ્તાઓની કામગીરી કરતાં ના કોઈ બેનર જોવા મળતા આવા રસ્તાઓ પર રાહદારી અને વાહન વ્યવહારનો ઘસારો જોવા મળી રહે છે. પાલિકા વહીવટી તંત્ર અને કોન્ટ્રાકટરોની બેદરકારીના કારણે ત્યાં પસાર થતો એક એકટીવા ચાલક ખોદકામ કરેલ ખાડા પાસેથી પસાર થતા એકટીવા સ્લીપ મારતાં ખોદકામ કરેલ ખાડામાં એકટીવા સહિત ખાડામાં ખાબકતા નજીકના નગરજનોમાં ભયનો માહોલ સર્જાયો હતો. જોકે એકટીવા ચાલકનો આબાદ બચાવ થયો હતો. જોવું રહ્યું કે, નગર પાલિકાના વહીવટી તંત્ર દ્વારા આવા નિષ્કાળજી ધરાવતા કોન્ટ્રાક્ટરો પર શું પગલાં લેવામાં આવશે ? તે હવે જોવાનું રહ્યું.

# પાવાગઢ ડુંગર ઉપર ધોધમાર વરસાદ પડતા નયન રમ્ય દ્રશ્યો સર્જાયા



તસ્વીર : નીલેશ જોષી, પાવાગઢ

ગોધરા,

પંચમહાલ જિલ્લામાં આવેલા યાત્રાધામ એવા પાવાગઢના ડુંગર વિસ્તારમાં પણ ધોધમાર વરસાદ પડ્યો હતો. જેના કારણે પાવાગઢના ડુંગર ઉપરથી નીચે આવતા વરસાદી પાણીએ નયનરમ્ય દ્રશ્યો સર્જાયા હતા. ડુંગરના પગથિયાઓ ઉપરથી વરસાદી પાણીની વહેતી નદીનો વીડિયો વાયરલ થઈ રહ્યો છે.

પંચમહાલ જિલ્લાના હાલોલ પંથકમાં બપોરે વરસાદી માહોલ સર્જાયો હતો. દરમિયાન યાત્રાધામ શક્તિપીઠ ખાતે ડુંગર ઉપર ધોધમાર વરસાદ વરસ્યો હતો. વરસાદને પગલે માતાજીના મંદિર જવાના પગથિયાં ઉપર વરસાદી પાણી વહેતા થયા હતા.

પગથિયાં ઉપર વરસાદી પાણીને લઈ જાણે નદી વહેતી હોય એવા દ્રશ્યો વચ્ચે માતાજીના દર્શનાર્થે આવેલા ભક્તોમાં આનંદની અનુભૂતિ જોવા મળી હતી. પંથકમાં વરસાદના કારણે ધરતી પૂત્રોમાં પણ ભારે આનંદની લાગણી છવાઈ છે.

# પંચમહાલ જીલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા કાલોલ તાલુકાના ગામોમાં રેતી અને ખનનને અટકાવવા રજુઆત



કાલોલ,

પંચમહાલ જિલ્લાના કાલોલ તાલુકાના વિવિધ ગામોમાં ગેરકાયદેસર રીતે રેતી અને માટીનું થઈ રહેલ ખનન અને સરકારને રોયલ્ટીમાં થઈ રહેલ ભારે નુકસાન ગ્રામ વિસ્તારોમાં પ્રજાજનોની નારાજગી મુશ્કેલી અને રજુઆતોને ધ્યાનમાં લઈ કાલોલ તાલુકા વિવિધ ગામોમાં અનીતિ કૃત ગેરકાયદેસર રીતે રેતી માટીની ચોરી સામે ખેડૂતોને થઇ રહેલ નુકસાન સંદર્ભે પંચમહાલ જિલ્લા યુથ કોંગ્રેસ દ્વારા પંચમહાલ ગોધરાના જિલ્લા ભૂસ્તર અધિકારીને રૂબરૂ મળી આ સંદર્ભની વિવિધ લેખિત રજૂઆતો કરી (સગનપુરા, ઉતર્યા, દેલોલ,ચલાલી )તેમજ અન્ય ગોમા નદી કાંઠાના ગ્રામ્ય વિસ્તારોમાંથી ખાણ ખનીજની ગેરકાયદેસર પ્રવૃત્તિને અટકાવવા ગોધરા જિલ્લા ભૂસ્તર અધિકારીને રૂબરૂ આવેદનપત્ર આપી તાલુકાની કીમતી સંપત્તિ બચાવવામાં કરેલ જિલ્લા યુથ કોંગ્રેસ સમિતિ દ્વારા ગ્રામ્ય પ્રજાને ન્યાય અપાવવા પંચમહાલ જિલ્લા કોંગ્રેસ પ્રમુખ અજીતસિંહ ભાટી, જિલ્લા યુથ કોંગ્રેસ પ્રમુખ મિકી જોસેફ, પ્રદેશ મંત્રી રફીક તિજોરીવાલા, જિલ્લા કોંગ્રેસ મહામંત્રી ઉમેશ શાહ વિગેરે એ હાલની કોરોનાની સ્થિતિમાં સોશ્યલ ડિસ્ટન્સ થી સરકારી ગાઈડલાઈન મુજબ રહી ઉપદેશ પ્રવૃત્તિઓ અટકાવવા માંગ કરવામાં આવેલ.

# ગોધરામાં યુવાને રકતદાન કરી ઉજવ્યો જન્મ દિવસ



ગોધરા,

કોઈના જીવનમાં નવી ખુશી આપી જન્મ દિવસ ઉજવતા મૂળ રાજસ્થાનના વતની અને ગોધરા કર્મભૂમિ બનાવીને ધંધાર્થે રહેતા ઈશ્વરભાઈ જે ચૌધરીએ આજે એમનો જન્મ દિવસ કોઈ જરૂરિયાતમંદ વ્યકિતને લાઇવ રકતદાન કરી ઉજવ્યો છે. નિયમિત રકતદાન કરતા આ ઈશ્વર ચૌધરીએ આજે ગોધરાના રેડકોર્સ ભવન ખાતે એક ખૂબ જ નાજુક જરૂરિયાતમંદ વ્યકિતને પોતાનુ લાઇવ રકત આપીને જન્મ દિવસ મનાવ્યો છે. એમને કહ્યું હતું કે મારા થકી કોઈની જિંદગી બચી જાય તો એનો પણ નવો જન્મ થયો ગણાય અને એવા સુવિચાર સાથે પોતાના ધંધામાં વ્યસ્ત રહેતા ઈશ્વર ચૌધરીએ આજે જીવન મરણ વચ્ચે ઝોલા ખાતા દર્દીને પોતાનું બ્લડ ડોનેટ કરીને ખૂબ મોટી ઉજવણી કર્યાનો આનંદ લૂંટ્યો હતો અને હાલ ચાલતી આધુનિક ઉજવણીને તિલાંજલી આપી એક નવો નવતર ચીલો ચીતર્યો છે. તેમના આ સુંદર પ્રેરણાદાયી પ્રયાસને ગોધરા નગરના જાણીતા લેખક અને કવિ પ્રો.ડો જૈમિનિ શાસ્ત્રી, કવિ મહેન્દ્ર પરમાર તથા આનંદ ઘડિયારીએ અભિનંદન પાઠવી આવી માનવીય પ્રવૃત્તિને બિરદાવી છે.

# ઘોઘંબામાં આમ આદમી પાર્ટીના તાલુકા પ્રમુખ અને ઉપપ્રમુખની વરણી



તસ્વીર : યોગેશ કનોજીયા, ઘોઘંબા

ઘોઘંબા,

ઘોઘંબા તાલુકાના કાર્યકરોની એક મિટિંગ માર્કેટિંગ યાર્ડમાં રાખવામાં આવી હતી. આમ આદમી પાર્ટીના જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆની અધ્યક્ષતામાં મળેલી આ મિટિંગમાં તાલુકામાંથી ખુબ મોટી સંખ્યામાં કાર્યકરોએ હાજરી આપી હતી.

તાલુકાના કાર્યકરો દ્વારા જિલ્લા પ્રમુખ દિનેશ બારીઆનુ ફુલહારથી સ્વાગત કરવામાં આવ્યું હતું. આ મિટિંગમાં ઘોઘંબા તાલુકા આમ આદમી પાર્ટીના સંગઠનની રચના કરવા ચર્ચા વિચારણા કરવામાં આવી. અને એ હેતુ માટે મિટિંગ રાખવામાં આવી હતી. ત્યારે જિલ્લા પ્રમુખે ઘોઘંબા તાલુકા પ્રમુખ અને ઉપ પ્રમુખના નામોની જાહેરાત કરી નિયુક્તિ કરવામાં આવી. તાલુકા પ્રમુખ તરીકે બાકરોલ ગામના રાજકીય આગેવાન અને ઘોઘંબા એપીએમસીના પૂર્વ ચેરમેન અર્જુનસિંહ બારીઆ અને ઉપપ્રમુખ તરીકે શેરપુરા ગામનાં જગદીશભાઈ પરમારની નિયુક્તિ કરવામાં આવી. આ નિયુક્તિને ઉપસ્થિત સૌ કાર્યકરો એ વધાવી લીધી હતી.